
વચનામૃતમાં સત્સંગ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં સત્સંગ

લેખક
સાધુ રસિકવિહારીદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA SATSANG (Gujarati Edition)

By Sadhu Rasikviharidas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-942-2

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૧૬-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂ. ૨૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન

પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક રસિકવિહારીદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

પ્રસ્તુત પુસ્તિકામાં ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોમાં વર્ણવાયેલ સત્સંગની સુંદર છણાવટ છે. આ વિષય સમજવા માટે તથા સત્સંગનો મહિમા સમજવા માટે સંગનો મહિમા જાણવો જરૂરી છે. તે જ રીતે સંગનો મહિમા પણ વચનામૃતોક્ત દેશકાળાદિક આઠના સંદર્ભમાં સારી રીતે સમજાય છે. આથી અત્રે સોપાનક્રમમાં દેશકાળાદિક આઠ અને સંગનો પ્રભાવ પ્રદર્શિત કરીને પછી સત્સંગનો મહિમા વિષય શરૂ થાય છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

દેશકાળાદિક આઠનો પ્રભાવ

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં દેશકાળાદિક આઠનું અપૂર્વ નિરૂપણ કર્યું છે; દેશકાળાદિક આઠમાં પ્રત્યેકનો પ્રાસંગિક વિવેક પણ સમજાવ્યો છે; દેશકાળાદિક આઠનો સામાન્ય જીવનમાં અને આધ્યાત્મિક જીવનમાં પ્રબળ પ્રભાવ પ્રદર્શિત કર્યો છે. વચનામૃતમાં શ્રીહરિનાં વચનોમાં દેશકાળાદિક આઠનો પ્રભાવ વાંચીએ...

- ''દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા એટલાં વાનાં શુભ ને અશુભ એ બે પ્રકારનાં છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯)
- ''દેશ, કાળ, ક્રિયા, સંગ, ધ્યાન, મંત્ર, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ જેવાં હોય તેવી પુરુષની મતિ થાય છે; તે જો સારાં હોય તો સારી મતિ થાય છે અને ભૂંડાં હોય તો ભૂંડી મતિ થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭)
- ''દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે અને એ આઠ ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)
- ''દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ એટલાંને યોગે કરીને શુભ અથવા અશુભ આચરણ થાય છે. તે જો રૂડાં દેશ, કાળ, સંગાદિક પ્રાપ્ત થયાં હોય તો ભગવાનને વિષે પણ તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે અને જો ભૂંડાં દેશાદિકનો યોગ થાય તો

ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ થાય છે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧૦)

- ''જ્યારે મુમુક્ષુ પ્રથમ ગુરુ પાસે આવે ત્યારે વક્તા જે ગુરુ તેને વિષે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ-અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદ-તીક્ષ્ણપણું તેણે કરીને એવા ભેદ પડી જાય છે. માટે સારાં દેશાદિકને સેવવાં... જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડાં દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય, નહીં તો જન્માન્તરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧૨)
- ''એ જીવને પૂર્વજન્મને વિષે અથવા આ જન્મને વિષે કોઈક અતિશય ભૂંડાં જે દેશ, કાળ, સંગ ને ક્રિયા તેનો યોગ થઈ ગયો છે; તેણે કરીને અતિશય તીક્ષ્ણ કર્મ થયાં છે. તે ભૂંડાં કર્મનો એના ચિત્તમાં પાશ લાગ્યો છે, માટે સાર-અસારને જાણે છે તો પણ એને અસારનો ત્યાગ કરીને પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થતી નથી. અને જેવી રીતે ભૂંડાં દેશ, કાળ, ક્રિયા અને સંગ તેને યોગે કરીને ભૂંડાં કર્મનો ચિત્તમાં પાશ બેઠો, તેવી રીતે અતિશય પવિત્ર દેશ, પવિત્ર કાળ, પવિત્ર ક્રિયા અને પવિત્ર સંગ તેને યોગે કરીને અતિશય તીક્ષ્ણ જો સુકૃત કર્મ થાય તો તેને યોગે કરીને અતિ તીક્ષ્ણ જે ભૂંડાં પાપકર્મ તેનો નાશ થઈ જાય છે; ત્યારે એને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થાય છે... દૈવી જીવ હોય તેને કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે ભૂંડાં દેશકાળાદિકને યોગે કરીને હોય; પછી સારાં દેશ-કાળાદિકનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪)
- ''એના (ભક્તિનું બળ વૃદ્ધિ પામ્યાના) ઉપાય ચાર છે: એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશકાળ ને સંગનું કારણ વિશેષ છે; કેમ જે, જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય અને તમ (ગોપાળાનંદ સ્વામી) જેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડી જ થાય અને જો સિંધ જેવો ભૂંડો દેશ હોય તથા

ભૂંડો કાળ હોય તથા પાતર્યો ને ભડવા અથવા દારૂ-માંસનું ભક્ષણ કરનારા તેનો સંગ થાય તો ક્રિયા પણ ભૂંડી જ થાય, માટે પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડો કાળ વર્તતો હોય ત્યાંથી આઘુંપાછું ખસી નીસરવું, અને સંગ પણ પ્રભુના ભક્ત અને પંચ વર્તમાનેયુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯)

- ''અને એવી રીતે ભક્તિને કરતો જે ભક્ત તેને પણ જો ભૂંડાં દેશ, કાળ, ક્રિયા ને સંગ છે તેને વિષે પ્રવર્તાય તો ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય ને તેના સ્વભાવનો ઠા ન રહે. માટે ભૂંડો દેશ, ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા અને ભૂંડો સંગ તેનો ત્યાગ કરીને રૂડો દેશ, રૂડો કાળ, રૂડો સંગ, રૂડી ક્રિયા તેને વિષે સદા પ્રવર્તવું, પણ ભૂંડાં દેશાદિકનો સંગ કરવો જ નહીં.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૨)

આ રીતે આધ્યાત્મિક કલ્યાણ યાત્રામાં રૂડાં અને ભૂંડાં દેશકાળાદિક આઠનો મતિ, આચરણ, ભગવત્પ્રીતિ, નિશ્ચય, પુણ્ય-પાપ, ભક્તિ અને અંતઃકરણ પરનો પ્રગાઢ પ્રભાવ દર્શાવીને શ્રીહરિ દેશકાળાદિકમાં વિવેક રાખવા આજ્ઞા કરે છે.

- ''અને ભૂંડાં દેશકાળાદિક આઠ હોય તેનો ત્યાગ કરીને રૂડાં જે દેશકાળાદિક આઠ તેનું સેવન કરવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

દેશકાળાદિક આઠમાં સંગની અધિક પ્રભાવકતા

શ્રીહરિએ વચનામૃતમાં દેશ, કાળ, ક્રિયા, સંગ, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા અને દેવતાનું ધ્યાન – આ દેશકાળાદિક આઠમાં સંગનું પ્રાધાન્ય બતાવ્યું છે.

- પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "દેશ, કાળ અને ક્રિયા તે ભૂંડાં થાય અથવા ભલાં થાય તેનું કારણ તે સંગ છે કે કોઈ બીજો છે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "દેશ તો પૃથ્વી કહેવાય તે સર્વ ઠેકાણે સરખો છે અને કાળ પણ સરખો છે, પણ અતિશય જે મોટા સમર્થ પુરુષ હોય તે જે દેશમાં રહેતા હોય તેને પ્રતાપે કરીને ભૂંડો દેશ હોય, ભૂંડો કાળ હોય, ભૂંડી ક્રિયા હોય તે સર્વે સારાં થઈ જાય છે; અને અતિશય ભૂંડા પાપી પુરુષ જે દેશમાં રહેતા હોય તેને યોગે કરીને સારો દેશ ને સારી ક્રિયા ને સારો કાળ હોય તે પણ ભૂંડાં થઈ જાય છે. માટે શુભ ને અશુભ એવાં જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો પુરુષ છે. તે પુરુષ જો અતિશય સમર્થ હોય તો સર્વ પૃથ્વીમાં દેશ, કાળ ને ક્રિયા તે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક દેશમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ગામમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ફળી તથા એક પોતાનું ઘર તેમાં પ્રવર્તાવે. એવી રીતે એ શુભ-અશુભ જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો શુભ ને અશુભ એ બે પ્રકારના પુરુષ (પુરુષનો સંગ) છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯)

અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ વચનામૃતના વિષયને સ્પષ્ટ સમજાવે છે:

'સમાગમ વિના જ્ઞાન ન આવે. ને દેશકાળાદિક આઠમાં સંગને અધિક

કહ્યો છે. તે ઓલ્યાં સાત ભૂંડાં હોય ને એક સંગ સારો હોય તો મોટાપુરુષ સારાં કરી દે. માટે વારંવાર સંગ કરવો; તેમાં સર્વે વાત આવી જાય.' (સ્વામીની વાતો: ૬/૫૨)

આ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીએ દેશકાળાદિક આઠમાં સંગની સર્વાધિક પ્રભાવકતા પ્રસ્થાપિત કરી છે.

સંગનો મહિમા

મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે હંમેશાં બીજા સાથે રહેવાનું પસંદ કરે છે, એકલો રહી શકતો નથી. સહજીવનમાં તેને સહાય, રક્ષણ, પોષણ અને આનંદ મળે છે. પરિણામે, વ્યક્તિ સમાજમાં ઘણા લોકો સાથે સંબંધ ધરાવે છે. આ બધા સંબંધો સંગનાં વિભિન્ન સ્વરૂપો છે. સંગત પરથી વ્યક્તિની ઓળખ થાય છે. સંગતથી બુદ્ધિ અને સંસ્કારનું ઘડતર થાય છે.

સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે :

बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् ।
मध्यमैर्मध्यतां याति श्रेष्ठतां याति चोतमैः ॥

– અધમ પુરુષોના સંગથી બુદ્ધિ નાશ પામે છે. મધ્યમ પુરુષોની સોબતથી બુદ્ધિ મધ્યમ પ્રકારની થાય છે. ઉત્તમ પુરુષોના સમાગમથી બુદ્ધિ શ્રેષ્ઠ બને છે.

ભર્તૃહરિ નીતિશતકમાં સંસર્ગથી ગુણોની અધમ, મધ્યમ અને ઉત્તમ દશા વર્ણવે છે :

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते,
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते,
प्रायेणाधममध्यमोत्तमगुणः संसर्गतो जायते ॥

(नीतिशतकम् ५८)

– સંતપ્ત લોખંડ પર પડેલા પાણીના ટીપાનું નામોનિશાન પણ રહેતું નથી. તે જ પાણીબિંદુ નલિની પત્ર પર પડે તો મોતી જેવી શોભા ધારણ કરે

છે. તે જ જલબિંદુ સ્વાતિ નક્ષત્રમાં સાગરની શુક્તિના મધ્યમાં પડે તો મોતી બને છે. પ્રાયઃ સંસર્ગથી અધમ, મધ્યમ કે ઉત્તમ ગુણો જન્મે છે.

આ જ વાત હરિલીલામૃતમાં ગુજરાતી પદ્યમાં સરસ રીતે સમજાવી છે:

'વારી વારિદ એકથી વરસિયું, જે છીપમાં જૈ પડ્યું,
તેનું મોતિ થયું થઈ શરકરા જે શેલડીમાં ચડ્યું.
પેઠું વાંસ વિષે થયું કપુર તે, સર્પાસ્ય ઝેરી થયું.
જેવો સંગ જણાય તેવું જગમાં, જે નીર જ્યાં જ્યાં ગયું.'

(હરિલીલામૃત: ૩/૧૫/૨૩)

આથી શ્રીહરિ લોયાના આઠમા વચનામૃતમાં કહે છે: 'બહુધા તો સંગે કરીને જ સારી-નરસી પ્રકૃતિ થાય છે.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સંગનું બળ સમજાવે છે:

'મુમુક્ષુ હોય તે પણ ઘટી જાય ને પામર હોય તે વધી જાય, માટે સર્વેનું કારણ સંગ છે.' (સ્વામીની વાતો: ૧/૭)

'એક તો સો જન્મે એકાંતિક થવાનો હોય તે આ જન્મે થાય ને આ જન્મે એકાંતિક થવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે... એમ સંગમાં ભેદ રહ્યો છે.' (સ્વામીની વાતો: ૨/૧૭૬)

વળી સ્વામી સંગને દેશકાળાદિકમાં મુખ્ય કહે છે; શ્રેષ્ઠ સાધન કહે છે:

'સર્વ સાધન કરતાં સંગ બળવાન છે. કેમ જે, સંગ થકી જ સર્વ વાત થાય છે, પણ સંગ વિના કોઈ કામ થાતું નથી. માટે સર્વમાં પ્રથમ સંગ મુખ્ય છે. ને મોક્ષનો માર્ગ પણ સંગ થકી સમજાય ને વ્યવહારમાર્ગ પણ સંગ થકી આવડે છે. માટે સંગની બરોબર કોઈ સાધન નથી. દેશકાળાદિક આઠ કહેવાય છે, તેમાં પણ સંગને મુખ્ય કહે છે તથા નવ પ્રકારની ભક્તિમાં પણ શ્રવણ-ભક્તિને મુખ્ય કહી છે, તે પણ સંગ થકી આવે છે. અને શિક્ષાપત્રીમાં પણ 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો' એમ કહ્યું છે ને વચનામૃતમાં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે. માટે સર્વ શાસ્ત્ર સત્પુરુષનો સંગ કરવાનું પ્રતિપાદન કરે છે.' (સ્વામીની વાતો: ૨/૧)

સત્સંગથી ઊર્ધ્વગતિ અને કુસંગથી અધોગતિ

સત્સંગથી જીવની ઊર્ધ્વગતિ, અંતઃકરણની શુદ્ધિ, સદ્બુદ્ધિ, સદ્ગુણની પ્રાપ્તિ, દુર્ગુણનો નાશ, પુણ્યની પ્રાપ્તિ અને જીવનું કલ્યાણ થાય છે.

કુસંગથી જીવની અધોગતિ, અંતઃકરણની અશુદ્ધિ, અસદ્બુદ્ધિ, સદ્ગુણોની હાનિ, દુર્ગુણોની પ્રાપ્તિ, પાપનો સંચય અને જીવનું અકલ્યાણ થાય છે.

આમ, સત્સંગ અને કુસંગનો એકસાથે ફળભેદ બતાવી, શ્રીહરિ વચનામૃતમાં કુસંગ તજીને સત્સંગ કરવા આદેશ આપે છે. વચનામૃતમાં સત્સંગ અને કુસંગનું સરસ શબ્દચિત્ર જુઓ :

- ''અને આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે. અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે.

માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે... એવી રીતે જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમ જ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે. અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮)

વચનામૃતમાં સત્સંગ અને કુસંગનું અદ્‌ભુત શબ્દરૂપક જુઓ:

- ''આ આપણે છીએ તે જે દિવસથી સમજણા થયા અને મા-બાપની ઓળખાણ પડી તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને આ તારો મામો ને આ તારી બેન, ને આ તારી મામી ને આ તારી કાકી, ને આ તારી માશી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને આ તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર, ને આ તારાં ઘરેણાં;' ઈત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે. તે કેવી રીતે રહ્યા છે? તો જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે તેમાં કાચનો કટકો હોય છે, તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાને ઠેકાણે તે જીવ છે. તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે; અને તે જીવને પછી સત્સંગ થયો ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડનની ને જગત મિથ્યાની વાર્તા કરી, તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે. તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે... તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે, અને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ, 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા,' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે. અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે... તે જેમ

  'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
  तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥'

  એ શ્લોકમાં કહ્યું જે, 'જ્યાં યોગેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે

અને ધનુષના ધરતલ અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો... અને અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે, અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે. પણ જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે. અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે એમ છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦)

સત્સંગનું સુફળ અને કુસંગનું કુફળ વિગતે શ્રીહરિ જણાવે છે:

- ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. અને જો કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો વૈરાગ્ય-વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)
- ''માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે અને ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્યસ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨)
- ''અને જેમ સત્પુરુષનો જે સંગ તેથી કોઈ મોટું પુણ્ય નથી તેમ અજ્ઞાની એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને નાસ્તિક તથા શુષ્ક વેદાંતીનો સંગ કરવો જ નહીં.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૮)
- ''એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય; પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

સત્સંગ શબ્દની વ્યાખ્યા

સત્સંગ શબ્દમાં બે શબ્દો છે – સત્ અને સંગ. સત્‌નો સંગ એટલે સત્સંગ. સમાસ થયેલા સત્સંગ શબ્દમાં સત્ શબ્દ છે, તેના વચનામૃતના આધારે ચાર અર્થો પ્રાપ્ત થાય છે.

૧. સત્ = પરબ્રહ્મ (ગ.પ્ર. ૪૨, ૬૨, ૭૮; ગ.અં. ૩૯; સ્વામીની વાતો ૫/૨૬ના આધારે)

૨. સત્ = બ્રહ્મ, સત્પુરુષ (ગ.પ્ર. ૬૭; ગ.મ. ૩૧; વર. ૧૧; ગ.અં. ૨૭; સ્વામીની વાતો ૫/૨૬ના આધારે)

૩. સત્ = સત્શાસ્ત્રો (સા. ૧૩; કા. ૧૨; ગ.મ. ૩૫, ૪૮, ૪૯; લો. ૯; ગ.અં. ૨૪ના આધારે)

૪. સત્ = સદ્‌ભક્તો, સંતો અને હરિભક્તોનો સમુદાય, સ્વામિનારાયણ સંપ્રદાય. (ગ.પ્ર. ૨૦, ૨૧, ૨૭, ૩૦, ૩૧, ૭૪; વર. ૩; ગ.મ. ૩૩, ૩૮, ૬૨; ગ.અં. ૨, ૨૧, ૨૬, ૨૭ના આધારે)

આમ, સત્સંગ શબ્દના ચાર અર્થ થાય છે :

૧. પરબ્રહ્મનો સંગ.
૨. બ્રહ્મનો સંગ એટલે સત્પુરુષનો પ્રસંગ.
૩. સત્શાસ્ત્રનો સંગ એટલે સત્શાસ્ત્રોનું શ્રવણ, વાંચન, પઠન, પાઠન, કથા, પારાયણ ઇત્યાદિ.
૪. સદ્‌ભક્તોનો સંગ એટલે હરિભક્તોનો પક્ષ રાખવો, સદ્‌ભાવ અને સુહૃદભાવ રાખવો.

આથી સત્સંગ શબ્દનો યોગરૂઢ અર્થ છે – સ્વામિનારાયણ સંપ્રદાય.

સત્સંગ એટલે પરબ્રહ્મનો સંગ

ગઢડા પ્રથમ પ્રકરણના ૬૨મા વચનામૃતના સંદર્ભથી સત્સંગ શબ્દનો અર્થ પ્રથમ સમજીએ :

- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ (ભાગવતમાં કહેલા ભગવાનના સત્યશૌચાદિક ઓગણચાલીસ કલ્યાણકારી) ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે, એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે... એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. માટે જેને જે સંગાથે સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે... તેમ જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે."

આ વચનામૃતમાં ભગવત્સ્વરૂપના દૃઢ નિશ્ચયને ભગવાનનો સંબંધ કહ્યો છે. અને સંબંધ હોય ત્યાં સંગ તો હોય જ. વળી, નવધા ભક્તિથી ભગવાનનો અખંડ સંબંધ બની રહે છે. આથી, પરબ્રહ્મનો સંગ કરવો એટલે ભગવાનની નવધા ભક્તિ કરવી. અને નવધા ભક્તિમાં પણ સ્મરણભક્તિથી - અખંડ સ્મરણથી ભગવાનનો અખંડ સંબંધ રહે છે.

ગઢડા અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં શ્રીહરિએ સત્સંગીની વ્યાખ્યા આપી છે :

- "અને સત્સંગી પણ એને જ કહીએ; કેમ જે, સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી

રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ.''

આમ, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો સંગી તે સત્સંગી અને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો સંગ એટલે સત્સંગ એવો અર્થ પ્રાપ્ત થાય છે. અને આ ગઢડા અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં પૂર્વવચનોના સંદર્ભથી સંગનો અર્થ પ્રીતિ છે. પ્રીતિ એટલે ભક્તિ. અને નવધા ભક્તિમાં સ્મરણભક્તિથી ભગવાનનો અખંડ સંબંધ થાય છે.

- ''અને ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્યસ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે.''
(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨)

આ વચનામૃત પ્રમાણે જોબનપગી જેવા ભક્તો ભગવાન સ્વામિનારાયણના પ્રસંગથી પરમ પવિત્ર થઈને અભયપદને - અક્ષરપદને પામ્યા છે. વળી, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં સત્સંગ શબ્દનો અર્થ સમજાવતાં કહે છે:

'સત્સંગે કરીને ભગવાન વશ થાય છે, તેવા બીજા કોઈ સાધને થાતા નથી. તે સત્સંગનો અર્થ એ છે જે, 'ભગવાન અને સંત તેને વિષે જેટલો સદ્‌ભાવ તેટલો સત્સંગ છે, તે થવો દુર્લભ છે.' (સ્વામીની વાતો: ૫/૨૬)

સત્સંગ એટલે સત્શાસ્ત્રનો સંગ

ગઢડા પ્રથમ પ્રકરણના ૬૨મા વચનામૃત પ્રમાણે જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. પરમસત્ પરમાત્માનો સંબંધ કરાવનાર ભગવત્સ્વરૂપનો દૃઢ નિશ્ચય સત્શાસ્ત્રથી થાય છે.

- ''જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે; કાં જે, શાસ્ત્રમાં પરમેશ્વરનાં પણ લક્ષણ કહ્યાં હોય અને સંતનાં પણ કહ્યાં હોય. માટે શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે જ અચળ રહે છે અને શાસ્ત્ર વિના પોતાને મને કરીને જે નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય ટળી જાય છે... માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૩)

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ ભગવાનની કથાવાર્તાથી ભગવાનનો સંબંધ સધાય છે તેમ સમજાવતાં કહે છે:

'પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે.' (સ્વામીની વાતો: ૫/૩૯૨)

આ રીતે સત્શાસ્ત્રના સંગથી એટલે કે કથાવાર્તાથી ભગવાનનો સંબંધ સધાતો હોવાથી, સત્શાસ્ત્રનો સંગ એટલે સત્સંગ એમ કહી શકાય. સત્શાસ્ત્રનો

સંગ એટલે સત્શાસ્ત્રનું વાંચન, શ્રવણ, મનન, કથન (કથા), મુખપાઠ, સ્મરણ, પઠન, પાઠન (ભણાવવું) વગેરે ગણી શકાય.

શિક્ષાપત્રીના અંતિમ શ્લોકો(૨૦૮, ૨૦૯)માં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી. નિરક્ષર ભક્તોને શ્રવણ કરવાની આજ્ઞા કરી અને શ્રવણ કરવાનો યોગ ન આવે તો નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવાની આજ્ઞા કરી છે. અને અંતે લખ્યું : 'मद्रूपमिति मद्वाणी' અર્થાત્ 'મારી વાણી તે મારું સ્વરૂપ છે.' આ વચનના આધારે સદ્ગુરુ સંતો કહેતા કે વચનામૃતનું વાંચન તે શ્રીજીમહારાજનો સમાગમ છે, સ્વામીની વાતોનું વાંચન તે ગુણાતીતાનંદ સ્વામીનો સત્સંગ છે.

સત્શાસ્ત્રના શ્રવણથી પ્રેમલક્ષણા ભક્તિપર્યંત ઉત્કૃષ્ટ ગુણોની મુમુક્ષુને પ્રાપ્તિ થાય છે.

- ''મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે? તો ભગવાનની કથાવાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય... અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે. માટે જો શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪)

વળી, એકાંતિક ધર્મનાં ચાર અંગ – ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ – સત્શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે :

- ''અને ધર્મ તો એમ ઊપજે, જો યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, મનુસ્મૃતિ, પરાશરસ્મૃતિ, શંખલિખિતસ્મૃતિ ઇત્યાદિ સ્મૃતિનું શ્રવણ કરે તો ધર્મ ઊપજે ને તેમાં નિષ્ઠા આવે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૯)

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં પૂર્વોક્ત સર્વ સ્મૃતિઓનો સાર આપ્યો છે. આથી શિક્ષાપત્રીનું શ્રવણ ધર્મનું કારણ બને છે.

સદાચારરૂપી ધર્મનું પરમ મૂળ પણ શાસ્ત્ર જ છે :

- ''અને વળી ધર્મની પ્રવૃત્તિનું જે કારણ છે તે પણ શાસ્ત્ર જ છે. અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ મા, બેન, દીકરી અને સ્ત્રી તેની વિગતિરૂપ

જે ધર્મની મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે, તેનું કારણ પણ શાસ્ત્ર જ છે; કેમ જે, શાસ્ત્રમાંથી કોઈકે પ્રથમ એવી વાત સાંભળી છે, તે પરંપરાએ કરીને સર્વે લોકમાં પ્રવર્તી છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૩)

જ્ઞાનનો હેતુ પણ સત્શાસ્ત્ર જ છે :

- ''જ્ઞાન તો એમ થાય જે, જો બૃહદારણ્યક, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ તથા ભગવદ્‌ગીતા તથા વાસુદેવમાહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઈત્યાદિક ગ્રંથનું સદ્‌ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઊપજે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૯)

ઉપરોક્ત શાસ્ત્રોનો સાર કાઢીને શ્રીજીમહારાજે આપણને વચનામૃત શાસ્ત્ર આપ્યું છે :

- ''વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮)

વૈરાગ્ય ઉદય થયાનું કારણ પણ સત્શાસ્ત્ર છે – એમ જણાવતાં શ્રીહરિ કહે છે :

- ''વૈરાગ્યનું કારણ તો એ છે જે, સદ્‌ગ્રંથ ને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને ચટકી લાગે અને ચટકી લાગે તે પાછી મટે જ નહીં, એવી જે ચટકી તે જ વૈરાગ્યનો હેતુ છે.'' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૭)

ભક્તિના હેતુભૂત આસ્તિકપણાનું કારણ પણ સત્શાસ્ત્ર છે :

- ''જ્યારે શ્રીમદ્‌ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિષે કહી જે જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપ એવી ભગવાનની લીલા તેને સાંભળે તથા ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય અને આસ્તિકપણું આવે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮)

ભગવદ્‌વાર્તા સાંભળવાથી મન નિર્વિષયી અને સ્થિર થાય છે :

- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને

પ્રીતિએ કરીને સાંભળે, તો તેના સર્વે વિકાર ટળી જાય છે... અને તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાંખે તો પણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહીં થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.''
(વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૨)

સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોની એક વિશેષતા છે – મંદિર પરિસરમાં સભામંડપ. સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રત્યેક મંદિરમાં કથા માટે સભામંડપ હોય છે. આ મહામંદિરોમાં પાંચ સમયની આરતીની સાથે નિત્યે પાંચ સમયે કથા પણ થાય છે. મંદિરો સિવાય પણ પરિસરોમાં અઠવાડિક સત્સંગસભાઓ થાય છે. ગામોગામ અને મહાનગરોનાં ઉપનગરોમાં દેશવિદેશે સત્સંગમંડળો ચાલે છે. આ સત્સંગસભાઓ અને સત્સંગમંડળોમાં સત્શાસ્ત્રોનો સંગ થાય છે. આજના જમાનામાં આધુનિક ઉપકરણોથી કથાશ્રવણ થાય છે તે પણ સત્સંગ છે. આમ, સત્સંગનો યોગરૂઢ અર્થ છે – સત્શાસ્ત્રની કથા.

સત્સંગ એટલે સદ્ભક્ત-સત્સંગીનો સંગ

સદ્ભક્તોનો સંગ એટલે સત્સંગ. ભક્તોની ભક્તિ કરનાર ભગવાન સ્વામિનારાયણના જીવનમાં અને તેમણે સ્થાપેલા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્ત-સમુદાયનો અનેરો મહિમા છે. આથી, ભક્તસંગને પ્રાધાન્ય આપનાર સ્વામિનારાયણ સંપ્રદાય માટે પણ સત્સંગ શબ્દનો પ્રયોગ થાય છે. અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે સત્સંગી શબ્દ પ્રયોજાય છે.

સ્વયં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં પોતે સ્થાપેલા સ્વામિનારાયણ સંપ્રદાય માટે સત્સંગ શબ્દ અને સ્વાશ્રિત અનુયાયી ભક્તો માટે સત્સંગી શબ્દ પ્રયોજે છે. આથી, ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં સત્સંગી શબ્દનો 'સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી' એવો અર્થ કરવામાં આવે છે. ભગવદ્ગોમંડલ, સાર્થ જોડણી કોશ અને બૃહદ્ ગુજરાતી કોશમાં સત્સંગી શબ્દનો ઉપરોક્ત અર્થ દર્શાવવામાં આવ્યો છે. શ્રીહરિએ કહેલા પ્રાકૃત, અર્ધવિમુખ વગેરે અસદ્ભક્તોની વ્યાવૃત્તિ (અર્થમાં સમાવેશ ન કરવા) માટે અત્રે સદ્ભક્તોનો સંગ એમ સત્સંગીની વ્યાખ્યા કરી છે.

ભગવાન સ્વામિનારાયણના જીવનમાં અને વચનામૃતમાં ભક્ત-સંગનો મહિમા

વચનામૃત ગ્રંથમાં પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની પરમાત્મ-કથામાંથી ભક્તસંગનો મહિમા સમજીએ. અતિશય ત્યાગી અને વૈરાગી સ્વભાવવાળા શ્રીજીમહારાજ સત્સંગી માટે દેહ ધારણ કરે છે, દેહને ધારી રહ્યા છે અને દેહને અર્પણ કરી રહ્યા છે. વાંચો પરમાત્મકથા:

- "અને અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે, પણ પંચવિષયમાંથી એકેને વિષે લેશમાત્ર ભાવ થતો નથી. અને જેટલું કાંઈક અન્ન-વસ્ત્રાદિકનું ગ્રહણ કરતા હઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું, પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા. અને અમારે જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે; અને જો એમને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ. અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ, પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી... અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે; અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે." (વચનામૃત કારિયાણી પ્રકરણ ૬)
- "અને અમારે પણ એ જ અંતરમાં વાસના (ઇચ્છા) છે જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો,' એમ જ ઈચ્છીએ છીએ." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૮)
- "પછી તો અમે કેવળ (આત્મ) સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વે ઉપાધિની શાંતિ થઈ. પછી તેમાં પણ અમને એમ વિચાર થયો જે, '(આત્મ) સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે.' માટે અમને એમ બીક લાગી જે, 'રખે (આત્મ) સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય!' માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે તે જ અતિશય શ્રેષ્ઠ સાધન છે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩)

- "જો હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ જે, 'મનને ઉદાસી ન કરવું.' કેમ જે, ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ, પરમહંસ રાજીપે બેઠાં ભગવદ્ભક્તિ કરે છે તો એ ઠીક છે. અને ભગવદ્ભક્તિને કરતાં દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે, મરી તો સર્વેને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે, એમ નિરંતર અનુસંધાન રહે છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૦)

ત્યાગપ્રિય, વનવલ્લભ અને એકાંતરુચિ શ્રીહરિ ભક્તભીડમાં ભક્તિ-ભાવથી બંધાઈને રહ્યા. સાંભળો પરમાત્મકથા શ્રીહરિની :

- "જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે. માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી, એવો અમારો સહજ સ્વભાવ છે; તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ તો પણ અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે. અને અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસમાં નથી રહેતા, અમે તો ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ. અને ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને અમે નિવૃત્તિ જાણીએ છીએ." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)
- "અમારો સ્વભાવ કેવો હતો ? તો ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહીં, એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું. તો પણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે,' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યારપછી તેમણે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ

સ્વામીની આજ્ઞામાં રહ્યા.'' (વચનામૃત લોયા પ્રકરણ ૩)

- ''અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, 'મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો, તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસતિમાં તો આવીશું જ નહીં.' એમ મનનો ઠરાવ હતો. તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે. અને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેમાં તો એવું દૃઢ હેત છે તેને કાળ, કર્મ ને માયા તેમાંથી કોઈ એ ટાળવાને સમર્થ નથી અને પોતાનું મન ટાળ્યાનું કરે તોય પણ હૃદયમાંથી ટળે જ નહીં; એવી ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અતિશય પ્રીતિ છે. અને અમે કેટલીક વાર સત્સંગમાંથી જવાને અર્થે ઉદાસ થયા છીએ પણ ભગવાનના ભક્તનો સમૂહ જોઈને ટક્યા છીએ, તે કોઈ રીતે મૂકીને જવાતું નથી... એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અમે અમારા મનને અતિશય પ્રીતિએ કરીને જોડી રાખ્યું છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩)
- ''અને જ્યારે (અમે) ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહીં અને વનમાં જ રહેવું ગમતું. અને બીક તો લેશમાત્ર લાગતી જ નહીં... એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા. પછી તીર્થને વિષે ફરતાં ફરતાં શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા અને પછી શ્રીરામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા તે કેડે સત્સંગનું રૂડું થવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી... અને અમારી સર્વે ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે છે પણ પોતાના સુખને અર્થે એકેય ક્રિયા નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૫)

શુદ્ધ ભક્તિમાર્ગના પ્રવર્તક ભગવાન સ્વામિનારાયણે સ્વસ્થાપિત સ્વામિનારાયણ સંપ્રદાયમાં કરેલું સદ્‌ધર્મનું સંસ્થાપન

ભગવાન સ્વામિનારાયણ સ્વાશ્રિત ભક્તોના સઘળા દોષ ટાળવા સાવધાન અને કુશળ હતા. તેમણે ૫૦૦ પરમહંસ સંતોને ૧૧૪ વિવિધ પ્રકરણો (આજ્ઞા) પ્રવર્તાવી, સુવર્ણને અગ્નિમાં તપાવી શુદ્ધ કરે તેમ વિશુદ્ધ કર્યા હતા.

તેમણે શિક્ષાપત્રી રચી સદ્ધર્મની પ્રણાલી પ્રસ્થાપિત કરી. પોતાના આશ્રિત સંતો અને હરિભક્તોમાં તલમાત્ર કસર ન રહેવા દેવાની શ્રીહરિએ પ્રતિજ્ઞા કરી :

- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો. તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહીં અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહીં. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સૂધા સાવધાન રહેજ્યો; જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહીં. અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઇન્દ્રિયોના દેવતા, એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી; ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૫)
- ''અને અમે પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે જે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહીં તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩)

વિક્રમ સંવત ૧૮૭૬ અને ૧૮૮૦માં શ્રીહરિએ ઉલ્લેખિત પ્રતિજ્ઞાઓ કરી હતી. વિક્રમ સંવત ૧૮૮૫માં પ્રતિજ્ઞાની પૂર્તિનો પરિતોષ ગઢડા અંત્ય પ્રકરણના ૨૯મા વચનામૃતમાં શ્રીહરિ જણાવે છે :

- ''આપણા સત્સંગમાં બાઈ, ભાઈ, પરમહંસ એ સર્વેને અમારી ઉપર હેત છે તો મોટેરી બે-ત્રણ બાઈઓ છે તે બરોબર બીજી સર્વે બાઈઓ વર્તમાન પાળે છે. કેમ જે, એ મનમાં એમ જાણે છે જે, 'જો અમે ખબડદાર થઈને વર્તમાન નહીં પાળીએ તો મહારાજનું હેત અમારી ઉપર નહીં રહે ને કુરાજી થશે.' તથા પરમહંસમાં પણ એમ છે તથા બીજા જે સત્સંગી તથા બ્રહ્મચારી તથા પાળા એ સર્વેમાં પણ

એમ છે. તથા દેશદેશનાં હરિભક્ત બાઈ-ભાઈ છેટે રહ્યાં છે તે પણ વર્તમાનમાં ખબડદાર વર્તે છે અને એમ જાણે છે જે, 'જો આપણ સારી પેઠે નહીં વર્તીએ તો મહારાજ કુરાજી થશે.' માટે અમારે વિષે હેતે કરીને બંધાણાં થકાં સર્વે ધર્મમાં દઢપણે વર્તે છે."

શ્રીહરિ મોટેરા પરમહંસ સંતોની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ સર્વ સંતોને દૃષ્ટાંત રૂપે દર્શાવતાં ગઢડા અંત્ય પ્રકરણના ૯મા વચનામૃતમાં કહે છે:

- "અમારા મોટા મોટા પરમહંસ છે તેની જેવી સ્થિતિ છે ને સમજણ છે તે અમે તમને બાઈ-ભાઈ સર્વને કહીએ... અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે... આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુ:ખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી... એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી."

અક્ષરધામમાંથી શ્રીહરિની સાથે પધારેલા અક્ષરમુક્તોને, પરમહંસોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. શ્રીહરિના દિવ્ય સત્સંગને શત શત વંદન.

સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગનો મહિમા શ્રીહરિના શ્રીમુખે

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સ્વસ્થાપિત સ્વામિનારાયણ સંપ્રદાયને માટે સત્સંગ શબ્દ શતાધિક સ્થળે પ્રયોજ્યો છે. અત્રે સ્વામિનારાયણ સંપ્રદાયના અર્થમાં સત્સંગનો મહિમા શ્રીહરિના શ્રીમુખે સાંભળીએ:

- "અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે. અને સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં. અને જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે. અને બીજાં સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહીં; કાં જે, કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે. તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો, તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦)
- "અને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે... અને આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે, તો મનુષ્યનું કલ્યાણ થાય તેમાં શું આશ્ચર્ય કહેવાય?" (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)
- "જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું?... માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦)
- "સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે... અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ..." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)
- "આ સત્સંગ છે તે તો અલૌકિક છે... અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)
- "અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ-

સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે, તો સાંભળીને એમ કહે જે, 'આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહીં. આ વાર્તા તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે.' અને અતિશય ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે. માટે આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯)

વચનામૃતમાં શતાધિક સ્થળે સ્વામિનારાયણ સંપ્રદાય માટે શ્રીહરિએ 'સત્સંગ' શબ્દ પ્રયોજ્યો છે. જિજ્ઞાસુ ભક્તો માટે, સ્વામિનારાયણ સંપ્રદાય માટે પ્રયુક્ત સત્સંગ શબ્દવાળા વચનામૃતોની સૂચિ અત્રે પ્રસ્તુત છે:

ગઢડા પ્રથમ પ્રકરણ	– ૬, ૧૭, ૧૯, ૨૧, ૨૪, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૮, ૫૩, ૫૫, ૫૭, ૫૮, ૭૧, ૭૪, ૭૮.
સારંગપુર પ્રકરણ	– ૧૮.
કારિયાણી પ્રકરણ	– ૨, ૩.
લોયા પ્રકરણ	– ૩, ૫, ૬, ૧૭, ૧૮.
પંચાળા પ્રકરણ	– ૫.
ગઢડા મધ્ય પ્રકરણ	– ૯, ૧૩, ૧૫, ૨૨, ૨૬, ૩૩, ૩૮, ૪૫, ૫૫, ૬૧, ૬૨.
વરતાલ પ્રકરણ	– ૩, ૫, ૭, ૧૬.
અમદાવાદ પ્રકરણ	– ૩, ૬.
ગઢડા અંત્ય પ્રકરણ	– ૨, ૯, ૧૩, ૧૪, ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૨, ૩૩, ૩૫, ૩૭.

આમાંનાં કેટલાંક વચનામૃતમાં, એક જ વચનામૃતમાં અનેક વાર ઉપર્યુક્ત અર્થવાળો 'સત્સંગ' શબ્દ પ્રાપ્ત થાય છે.

સત્સંગનો, સ્વામિનારાયણ સંપ્રદાયનો મહિમા

અક્ષરાધિપતિએ અવનિ પર આવી સત્સંગ સ્થાપ્યો. સહજાનંદ સ્વામી મહારાજે સ્થાપેલા આ સત્સંગના મહિમાનું સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ એક કીર્તન રચ્યું છે, જે દરરોજ શયન આરતી બાદ મંદિરોમાં ગવાય છે. આ

પ્રાસાદિક કીર્તનમાં સત્સંગનો મહિમા સુચારુ નિરૂપ્યો છે :

અક્ષરના વાસી વ્હાલો, આવ્યા અવનિ પર,
નવખંડ ધરતીમાં સ્વામી, છતરાયા ચાલે રાજ... અક્ષર. ટેક.
અવનિ પર આવી વહાલે, સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ કલ્યાણનો આપ્યો રાજ... અક્ષર. ૧
પાંચે વર્તમાન પાળે, બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી, સાચી સગાઈઓ રાજ... અક્ષર. ૨
બાઈઓ દેખીને ભાઈઓ, છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની, હાથે નવ ઝાલે રાજ... અક્ષર. ૩
દેવના દેવ વહાલો, ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ, સહજાનંદ સ્વામી રાજ... અક્ષર. ૪
પ્રેમાનંદના સ્વામી, આનંદકારી,
પોતાના જનની વા'લે, લાજ વધારી રાજ... અક્ષર. ૫

પ્રેમાનંદ સ્વામીએ વર્ણવેલો આ સ્વામિનારાયણ સંપ્રદાયનો સદાચાર ગુજરાતમાં પ્રવર્ત્યો, તેની નોંધ ઈતિહાસમાં લેવાઈ છે. ભગવાન સ્વામિનારાયણના સમકાલીન, ખેડા જિલ્લાના તે સમયના (૧૮૨૫) કલેક્ટર શ્રી થોમસ વિલિયમ્સને બિશપ હેબરને ભગવાન સ્વામિનારાયણનો પરિચય આપતાં કહ્યું હતું: 'તેમણે (ભગવાન સ્વામિનારાયણે) ચોરી અને હિંસાનો નિષેધ કર્યો. તેથી જે ગામો અને જિલ્લાઓમાં તેઓ વિચર્યા અને તેમના ઉપદેશને સ્વીકાર્યો તે દુષ્ટતમ ગામો અને જિલ્લાઓ આજે રાજ્યમાં ઉત્તમ અને અધિક અનુશાસિત બન્યાં છે.'[૧]

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા સદ્‌ધર્મની - પંચ વર્તમાનની અચલતા વિષે કહ્યું છે :

'સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે તેને ખોટા કરીને જીવનું રૂડું થાય, એમ કહી દેખાડો અને તે પાંચ પગ તે શું ? તો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ જે પાંચ પગ રોપ્યા છે તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો

---

૧. Reginald Heber; *Narrative of a Journey through the upper provinces of India from Culcutta to Bombay*, Vol. III, p.29.

હતો તે કોઈથી ઊપડ્યો નહીં, તેમ અમે પણ પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહીં થાય.' (સ્વામીની વાતો : ૩/૧૬)

ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મ-વ્યવસ્થા અને બંધારણ વિશે, ગુજરાતના અગ્રણી તત્ત્વચિંતક કિશોરલાલ ઘ. મશરૂવાળા લખે છે :

'સ્વામિનારાયણે પોતે ધારેલું કાર્ય હવે સંપૂર્ણ થયું હતું. એમણે એક વિશાળ સંપ્રદાય સ્થાપ્યો હતો; એ સંપ્રદાયને માટે વિશાળ સાહિત્ય ઊભું કર્યું હતું; સર્વાંગપૂર્ણ સંસ્થા રચી હતી; એ સંસ્થા માટે સુંદર નિયમો ઘડી ધર્મ અને વ્યવહાર બેયને અનુકૂળ થાય એવી એની વ્યવસ્થા કરી હતી; એ નિયમો તોડ્યા સિવાય એ સંસ્થામાં ત્રુટી આવવી લગભગ અશક્ય થાય એવું બંધારણ રચ્યું હતું.' (સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય; પૃ. ૫૯)

અહીં કિશોરલાલ મશરૂવાળાનાં વચનોમાં સ્વામીની વાતોનું પ્રતિબિંબ દેખાય છે. સ્વામિનારાયણ સંપ્રદાય વિશે કિશોરલાલ મશરૂવાળાનો અન્ય એક અભિપ્રાય પણ મનનીય, સ્મરણીય અને અભિનંદનીય છે :

'સહજાનંદ સ્વામીનો સંપ્રદાય હવે સંગીન પાયા પર રચાઈ ગયો હતો. લગભગ બે લાખ માણસો એ ધર્મના અનુયાયીઓ થયા હતા. આટલા ટૂંક વખતમાં દુનિયાના કોઈપણ ધર્મમાં આટલા શિષ્યો ભળ્યા ન હતા. ધર્મની સ્થાપના આટલી તીવ્રપણે કદી પણ જામી ન હતી... સ્વામિનારાયણના ઉપદેશથી અનેકને શાંતિ અને સમાધાન થયાં હતાં; અનેકને દૃઢ આત્મનિષ્ઠાથી સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થઈ હતી; કેટલાકને હઠયોગની સિદ્ધિ થઈ હતી; કેટલાક મૂર્તિમાન વૈરાગ્ય જેવા હતા; કેટલાક તો એવા પ્રેમની મૂર્તિ હતા કે સ્વામિનારાયણના અંતર્ધાન થયા પછી ત્રીસ વર્ષે પણ પોતાના ઈષ્ટદેવ સાંભરતાં આંખમાંથી ચોધાર આંસુ પડતાં, કંઠ રૂંધાઈ જતો અને એક શબ્દ પણ બોલવા અસમર્થ થતા; કેવળ ત્યાગાશ્રમમાં જ નહીં, પણ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ માંગરોળના ગોરધનદાસ જેવા કેટલાક મૂર્તિ સાથે તદ્રૂપતાને પામ્યા હતા; અગત્રાઈના પર્વતભાઈ જેવા કેટલાકને પરમેશ્વરમાં અખંડ વૃત્તિ રહેતી હતી; કેટલાકને પોતાને અયોગ્ય સ્વભાવ વશ કરવા તરફ સતત પ્રવૃત્તિ હતી; કેટલાકને ચતુર વાણિયાની માફક – પોતાને વિષયો તરફ કેટલી પ્રીતિ છે અને પરમેશ્વરમાં કેટલી છે; પોતે કેટલા ચડે છે, કેટલા ગુણગ્રાહી છે;

– એ સર્વેનો વારંવાર હિસાબ કરવાની ટેવ હતી. આજે પણ એમની ભક્તિ કરી કેટલાક એવી સ્થિતિઓ પ્રાપ્ત કરેલા મળી આવે છે.'

(સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય; પૃ. ૫૬, ૫૮, ૫૯)

મહાકવિ ન્હાનાલાલે પોતાની સમૃદ્ધ ડોલનશૈલીમાં સ્વામિનારાયણ સંપ્રદાયની આધ્યાત્મિક સમૃદ્ધિને શબ્દમંડળથી શણગારી છે :

'શ્રીજીએ પ્રવર્તાવેલા ધર્મમાર્ગની લાક્ષણિકતા શી લેખાય ? એ ધર્મમાર્ગ છે: આચારસ્વચ્છતાનો, વિચારસ્વચ્છતાનો, વિધિસ્વચ્છતાનો, પૂજન-સ્વચ્છતાનો, વ્યવહારસ્વચ્છતાનો, આંતરસ્વચ્છતાનો, સર્વદેશીય અંતર્બહિર-સ્વચ્છતાનો એ ધર્મમાર્ગ. ...ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીનાં જીવન નિર્માદક કીધાં. રંગેલાં તુંબડાં ફોડાવી શ્રીજીએ સંતોને નિર્મોહી કીધા. બાઈ-ભાઈનાં દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં. પંચ વર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચારશુદ્ધ કીધા; શિક્ષાપત્રી આપી વ્યવહારશુદ્ધ કીધા; વચનામૃતો સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા; પ્રેમભક્તિ વરસાવી અંતરશુદ્ધ કીધા. પર્વો, ઉત્સવો, સમૈયા ઊજવાવી જનતામાં ઉત્સાહ ઉભરાવ્યો; ભવ્ય મંદિરો, અહિંસાત્મક યજ્ઞો, વિશુદ્ધ પૂજાવિધાન, પારણાં, હિંડોળા, વસંતપંચમી, જન્માષ્ટમીના વૈષ્ણવી મહોત્સવો, જળઝીલણી ને રામનવમીના સમારંભો કરી જનતાને જગાડી. પરિવ્રાજકની પેઠે ગામડે ગામડે ઘૂમી જનતાને ઉમંગી કીધી, ભાવ હિંડોળે હીંચકાવી. પ્રજાને ઉત્સાહ પાયો. સંસારને સજીવન કીધો... સૂર્ય ફરતી સૂરજમાળ ને ચંદ્ર ફરતી નક્ષત્રમાળ છે એવી સહજાનંદ ફરતી બ્રહ્મચર્ય ને વૈરાગ્યની સાક્ષાત મૂર્તિઓ સમી સંતમાળ સોહાતી... કલકત્તાના બિશપ હેબરને શ્રીજીમહારાજની સંતમંડળીનાં દર્શન નડિયાદમાં થયાં હતાં. એ સાંપ્રદાયિક મંડળના બિશપ હેબરને કોડ જાગ્યા હતા કે 'આવું સંતમંડળ મ્હારે હોય તો !'

(શિક્ષાપત્રી સમશ્લોકી, પ્રસ્તાવના, પૃ. ૧૩, ૨૦, ૨૧)

ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદક સાક્ષરશિરોમણી ધીરુભાઈ ઠાકર ગુજરાતી વિશ્વકોશમાં 'વચનામૃતો' અધિકરણમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સદાચાર સૂત્રવાળા સત્સંગની ઐતિહાસિક અદ્‌ભુત નોંધ લખે છે :

''ઓગણીસમી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક નવજાગૃતિનો યુગ બેઠો તેમાં પ્રથમ કિરણો સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી ફૂટ્યાં હતાં...

તેમના (સહજાનંદ સ્વામીના) જીવનમાં અને સંપ્રદાયમાં ચિત્તશુદ્ધિનો તાર સળંગ પરોવાયેલો હતો. સદ્ધર્મ અને સત્સંગની હિમાયત સાથે સ્વામિનારાયણે સામાજિક સુધારણા અને દલિતોદ્ધારનું કામ પણ ઉપાડ્યું હતું... સાધુના આચારોને તેમણે તપોમય અને કડક વ્રતવાળા બનાવ્યા હતા. દારૂ, માટી, મૂઠ, ચોરી અને વ્યભિચારના ત્યાગ અને બ્રહ્મચર્યના પાલન પર તેમણે ભાર મૂક્યો હતો. ટૂંકમાં, સ્વામિનારાયણની પ્રવૃત્તિ નીતિ અને સદાચારના સક્રિય અમલ પર મંડાયેલી હતી. તેથી આચારો પ્રથમો ધર્મઃ *એ 'સત્સંગ'નું પાયાનું સૂત્ર બન્યું હતું.*

સહજાનંદજીનાં ત્રીસ વર્ષના વસવાટ દરમિયાન સામાજિક અને ધાર્મિક નવચેતનાનું મોજું ગુજરાતભરમાં ફરી વળ્યું હતું."

આ જ રીતે ગુજરાતી વિશ્વકોશમાં સ્વામિનારાયણ સંપ્રદાયના અધિકરણમાં વિદ્વાનોએ સ્વામિનારાયણ સંપ્રદાયના સદાચારના સદાગ્રહનો અને સંપ્રદાનનો સાદર સ્વીકાર કર્યો છે :

"વિચારશુદ્ધિ, આચારશુદ્ધિ, વ્યવહારશુદ્ધિનો ખાસ આગ્રહ રાખતા આ સંપ્રદાયે સનાતનધર્મનું એક સંમાર્જિત અને અભિનવ સ્વરૂપ દાખવ્યું છે... વૈશ્વિકીકરણ અને યંત્રીકરણના આ જમાનામાં પણ વૈદિક પરંપરાઓ અને ભારતીય અસ્મિતાને વિસારે પાડ્યા વિના એનું સમાજ અને શિક્ષણમાં નવા સંદર્ભે નિદર્શન કરી, એની પ્રસ્તુતતા સિદ્ધ કરતો આ સંપ્રદાય, સનાતન હિન્દુધર્મને પણ નવો પ્રાણવાયુ પૂરો પાડી રહ્યો છે."

સહજાનંદ સ્વામી મહારાજે સ્વાશ્રિત સર્વે સત્સંગીઓને આપ્યાં અદ્ભુત વરદાન

કરુણામૂર્તિ સહજાનંદ સ્વામી મહારાજે જેતપુરમાં સંપ્રદાયની ધર્મધુરા ગ્રહણ કરી, તે પ્રસંગે સદ્ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વર માગ્યા. રામાનંદ સ્વામીએ રાજી થઈ એ વર આપ્યા. શ્રીહરિ વચનામૃતમાં આ અદ્વિતીય ઐતિહાસિક વરદાન વિષે કહે છે :

- "અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ

નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે. માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦)

સંપ્રદાયના પ્રારંભથી જ કરુણામૂર્તિ સહજાનંદ સ્વામી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ સત્સંગીઓનાં દુઃખ સ્વીકારી લીધાં છે. જગતના ધાર્મિક ઈતિહાસમાં આવી કરુણાપ્રસૂતા ભક્ત-દુઃખહારિણી ઘટના ઘટી નથી.

ગઢડામાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી વગેરે મોટેરા સંતોને એકાંતનું સુખ આપવા તેડાવ્યા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિક સંતોને કૃપાપૂર્ણ વચનદાન વરદાન આપ્યું :

'મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું,
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.'

(ભક્તચિંતામણિ, પ્રકરણ : ૬૮/૯)

આ વરદાન મુજબના સત્સંગીને અંતકાળે શ્રીહરિ તેડવા આવ્યાના ઘણા પ્રસંગો નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં લખ્યા છે. સ્વયં ભગવાન સ્વભક્તને મૃત્યુ સમયે તેડવા આવ્યાના પ્રસંગો માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ સાંભળવા મળે છે. શ્રીજીમહારાજે સત્સંગીઓનું આ લોકનું અન્ન-વસ્ત્રાદિકનું દુઃખ હરી લીધું, અને મૃત્યુ પછીનું યમલોકનું દુઃખ પણ હરી લીધું. શ્રીહરિનાં આ કરુણાપૂર્ણ અદ્‌ભુત ત્રણ વરદાન અન્યત્ર દુર્લભ છે. कं वा दयालुं शरणं व्रजेम ? આથી કોણ બીજો દયાળુ છે, જેના શરણે જઈએ ?

સત્સંગ એટલે સત્પુરુષનો સંગ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ સત્સંગ શબ્દના અર્થનું નિરૂપણ કર્યું છે :

'સત્સંગ શું જે, 'મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું' એ જ છે.' (સ્વામીની વાતો: ૧/૧૭)

'સત્સંગ શબ્દનો અર્થ મોટા સાધુનો સંગ એ સત્સંગ.' (સ્વામીની વાતો: ૪/૧૬)

'ભગવાન તથા એકાંતિકનો સંગ એટલો જ સત્સંગ ને બીજો તો અરધો સત્સંગ કહેવાય.' (સ્વામીની વાતો: ૫/૪)

'સત્સંગે કરીને ભગવાન વશ થાય તેવા બીજા કોઈ સાધને થાતા નથી. તે સત્સંગનો અર્થ એ છે જે, ભગવાન ને સંત તેને વિષે જેટલો સદ્ભાવ તેટલો સત્સંગ છે, તે થવો દુર્લભ છે.' (સ્વામીની વાતો: ૫/૨૬)

બ્રહ્મનો અને બ્રહ્મના ગુણનો નિરંતર મનનરૂપ સંગ કરવાથી જીવમાં બ્રહ્મનો ગુણ આવે છે અને માયાનો સંબંધ ટળે છે. બ્રહ્મના ગુણની પ્રાપ્તિની આ આધ્યાત્મિક પ્રક્રિયા શ્રીજીમહારાજ સમજાવે છે :

- "જીવને દેહ અને ઇન્દ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે; માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે. તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે, 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે.' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે... પૂર્વે કહ્યો તેવી રીતે નિરંતર પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા

સંગ કરે ત્યારે (સુષુપ્તિરૂપ માયાનો સંબંધ) ટળે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧)

ઉપરોક્ત સ્વામીની વાતો અને વચનામૃતના આધારે સત્સંગ શબ્દનો અર્થ થાય છે – વડવાનલ જેવા પરમ એકાંતિક સત્પુરુષનો પ્રસંગ, બ્રહ્મસ્વરૂપ સંતનો પ્રસંગ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુણાતીત સત્પુરુષની પરંપરામાં છે: ૧. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ૨. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, ૩. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, ૪. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, ૫. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ૬. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ - સ્વામી કેશવજીવનદાસજી.

સર્વ સાધનથી અને વિવિધ સત્સંગથી સત્પુરુષના સત્સંગની શ્રેષ્ઠતા

શ્રીમદ્‌ભાગવતમાં એકાદશ સ્કંધમાં ૬ થી ૧૯ અધ્યાયમાં ઉદ્ધવગીતા છે. આ ઉદ્ધવગીતામાં સત્સંગનો શ્રેષ્ઠ મહિમા કહ્યો છે. શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવને એકાંતમાં ભક્તિયોગનું રહસ્ય બતાવે છે:

न रोधयति मां योगो न साङ्ख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥
व्रतानि यज्ञच्छन्दांसि तीर्थानि नियमा यमाः।
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥

(શ્રીમદ્‌ભાગવત: ૧૧.૧૨.૧,૨)

શ્રીજીમહારાજ વચનામૃતમાં આ બે શ્લોકોનો ભાવાર્થ બે વખત કહે છે:

- ''એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું;' એમ ભગવાને કહ્યું છે. માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૪)
- ''અને સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે, તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ

તથા સાંખ્યવિચાર તથા શાસ્ત્રપઠન તથા તપ, ત્યાગ, યોગ, યજ્ઞ અને વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.' માટે અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

આ જ ભાવાર્થનો સત્પુરુષના મહિમાનો શ્રીમદ્ભાગવતનો એક શ્લોક અત્રે પ્રસ્તુત છે:

रहूगणैतत्तपसा न याति न चेज्यया निर्वपणाद् गृहाद् वा ।
नच्छन्दसा नैव जलाग्निसूर्यै र्विना महत्पादरजोभिषेकम् ॥

(શ્રીમદ્ભાગવત: ૫.૧૨.૧૨)

ભરતજી રહૂગણ રાજાને અધ્યાત્મ-યોગનો સુબોધ આપે છે: 'હે રહૂગણ! મહાપુરુષની ચરણરજનો અભિષેક જ્યાં સુધી પોતાને મસ્તકે નથી થયો, ત્યાં સુધી કેવળ તપ, યજ્ઞ વગેરે વૈદિક કર્મો, અન્ન વગેરેનાં દાન, અતિથિ અને દીનજનોની સેવા વગેરે ગૃહસ્થોચિત ધર્મોનું પાલન, વેદોનું અધ્યયન, જળ, અગ્નિ કે સૂર્ય ઉપાસના વગેરે કોઈ પણ સાધનથી પરમાત્મ-જ્ઞાન પ્રાપ્ત થતું નથી.'

સર્વ આધ્યાત્મિક સાધનોમાં સત્સંગની શ્રેષ્ઠતા શ્રીહરિ સમજાવે છે:

- ''અને સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં. ...માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે. અને બીજાં સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહીં, કાં જે, કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦)

સત્પુરુષના સંગમાં સર્વ સાધન આવી જાય છે

- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.'' (વચનામૃત

વરતાલ પ્રકરણ ૪)

શ્વેતાશ્વતર ઉપનિષદમાં (૬/૨૩) મંત્ર છે:

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः॥

આ મંત્રનો ભાવાર્થ વચનામૃતમાં શ્રીહરિ ગુજરાતીમાં કહે છે:

- "તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

આમ, સત્પુરુષનો પ્રસંગ સર્વ કંઈ મનોવાંછિતને પ્રાપ્ત કરાવનારો છે. સત્પુરુષના સત્સંગથી આધ્યાત્મિક સર્વ સિદ્ધિઓ ઉપલબ્ધ થાય છે. શ્રીહરિ કહે છે:

- "સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે." (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧)

આત્મદર્શન, પરમાત્મદર્શન, સત્પુરુષનો મહિમા – સર્વનું સાધન સત્પુરુષમાં દૃઢ પ્રીતિ છે, સત્પુરુષનો સત્સંગ ગુરુચાવી છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભગવત્સત્સંગ, શાસ્ત્રસત્સંગ, અને સંપ્રદાયસત્સંગ – ત્રિવિધ સત્સંગથી સત્પુરુષના સત્સંગની અધિક મહત્તા સમજાવે છે.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે: 'ભગવાન ભેળા રહ્યા ને ખોટ્યું રહી ગઈ તે શા કારણથી જે, આ સાધુના સમાગમ વિના.' (સ્વામીની વાતો: ૧/૨૮૮)

નાજા જોગિયા શ્રીજીમહારાજના અંગત સેવક હતા. સેવા કરે પણ ધ્યાન અને કથામાં રુચિ ન હતી.

એક વખત કૃપાનંદ સ્વામીને ઘેલા કાંઠે માથે ઓઢી ધ્યાન કરતા જોઈ નાજા ભક્તે કહ્યું: 'તમારે માથે ઓઢી ભગવાન સંભારવાના છે, અમે તો નિત્ય ભેગા જ ફરીએ છીએ.'

ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું: 'આગળ કોઈ મોટા સાધુ મળશે ત્યારે

તમને સમજાવશે.'

શ્રીજીમહારાજના સ્વધામગમન પછી નાજા જોગિયા સાધુ થયા. ઘનશ્યામદાસ નામાભિધાન થયું.

સં. ૧૯૦૭માં જૂનાગઢ મંદિરમાં સભામંડપમાં ઘનશ્યામદાસ ધ્યાન કરવા બેઠા હતા. તેમની પાસે ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. થોડી વારે સ્વામીએ કહ્યું: 'ઘનશ્યામદાસ! ધ્યાન કરો છો કે ગોટા વાળો છો?'

ત્યારે ધ્યાનમાંથી જાગી તરત જ ઘનશ્યામદાસે કહ્યું: 'સ્વામી! કાણું માથે તૂત નાંખો છો?'

તે સાંભળી સ્વામી હસ્યા ને કહ્યું: 'તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા?'

ઘનશ્યામદાસ ઊભા થઈને તરત જ સ્વામીના પગમાં પડી ગયા ને કહ્યું: 'હું તો તમને ખંડિયા સમજતો હતો. પણ આજે નિશ્ચય થયો કે તમે ખરા ચક્રવતી છો. હવે તમે અખ્ખર (અક્ષર) ખરા.'

સત્પુરુષના સમાગમ વિના શ્રીહરિને મળેલા મોટા સંતોનો પણ સત્સંગ અધૂરો રહ્યો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ નામોલ્લેખ સાથે વાત કરી છે:

'ચૈતન્યાનંદ સ્વામી કેવા મોટા, તેને પણ બાળમુકુંદાનંદ સ્વામી મળ્યા ત્યારે જ સર્વે ખોટ્ય દેખાણી ને પછી મૂકી. તે એવાને પણ રહી જાય તો બીજાને રહે એમાં શું? માટે મોટાપુરુષનો મન, કર્મ, વચને સમાગમ થયા વિના ખોટ્ય દેખાય નહીં ને ટળે પણ નહીં, એ સિદ્ધાંત વાર્તા છે. ચૈતન્યાનંદ સ્વામીની પેઠે અક્ષરાનંદ સ્વામી તથા સર્વનિવાસાનંદ સ્વામીની વાત છે.'

(સ્વામીની વાતો: ૨/૧૪૦)

પરમચૈતન્યાનંદ સ્વામી સદ્‌ગુરુ કોટિના સંત હતા. એક વાર ઘેલામાં જળઝીલણી ઉત્સવ ઊજવવા જતાં તેમને કોઈએ બોલાવ્યા નહીં. આથી, તેઓ ઉદાસ થઈ ગયા. તે વખતે બાળમુકુંદાનંદ સ્વામીએ કહ્યું: 'આપણે ક્યાં માન મેળવવા સત્સંગી થયા છીએ?' આ સાંભળી તેમને અંતર્દષ્ટિ થઈ અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની પાસે વાતો સાંભળી. ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના મહિમાની અને સાધુની સમજણની અદ્‌ભુત વાતો કરી. ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળી ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા કે 'બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજ થયો.'

અગતરાઈ પાસેના ખોરાસા ગામના ગરાસિયા રાજાભાઈએ શ્રીજીમહારાજની આજ્ઞાથી બાર વર્ષ સુધી પર્વતભાઈનું હળ હાંક્યું. આથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે તેમને સાધુ કરી અક્ષરાનંદ સ્વામી નામ પાડ્યું ને તરત જ વડતાલ મંદિરના મહંત નીમ્યા. સમયાંતરે રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સુપર્ણાનંદ સ્વામીને મહંતાઈ આપીને અક્ષરાનંદ સ્વામીને બુધેજ મોકલ્યા. આથી અક્ષરાનંદ સ્વામી મૂંઝાયા. તેઓ જૂનાગઢ ગયા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સાંખ્યની અને સાધુતાની અદ્ભુત વાતો કરી. સ્વામીની વાતો સાંભળીને અક્ષરાનંદ સ્વામીને શાંતિ થઈ ગઈ ને બોલ્યા: 'વરતાલની મહંતાઈ કરી, પણ સાચો સત્સંગી, સાધુ આજે થયો.'

વચનામૃતના જ્ઞાતા હોવા છતાં સર્વનિવાસાનંદ સ્વામીને જ્યારે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૦મું વચનામૃત સમજાવ્યું ત્યારે ખોટ દેખાઈ.

ગુણાતીતાનંદ સ્વામીએ સંતસમાગમનો વિશેષ મહિમા સમજાવ્યો છે:

'મોટા સંતનો સમાગમ તો ભગવાન ભેળું રહેવું તે કરતાં પણ અધિક છે; કેમ જે, ભગવાન તો મનુષ્યચરિત્ર કરે તેથી સમજણની કસર હોય તો સંશય થઈ જાય ને અવળું પડે. માટે સાધુનો સમાગમ અધિક છે.' (સ્વામીની વાતો: ૨/૩૯)

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા : 'સત્સંગ એટલે જ સત્પુરુષ.' શ્રીજીમહારાજે સારંગપુરના ૭મા વચનામૃતમાં સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્રમાં દૃઢ મન કરીને રહેવાની આજ્ઞા કરી છે. સંપ્રદાયરૂપ સત્સંગથી સત્પુરુષનો સંગ વિશેષ લાભદાયી છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

'જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે, પણ દૂધનું સુખ આવે નહીં, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત એ છે જે, આ બધોય સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે, જેમ ગાયના આંચળમાંથી દૂધ આવે છે તેમ.' (સ્વામીની વાતો: ૩/૨૦)

સત્શાસ્ત્રના સંગથી પણ સત્પુરુષનો સંગ વિશેષ સુખકારી છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે :

'પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે... મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે.' (સ્વામીની વાતો: ૫/૩૯૨)

વરદાચાર્ય તો 'સત્પુરુષનું વિનોદવચન જ શાસ્ત્ર બની જાય છે' તેમ જણાવે છે:

अभिगन्तव्याः सन्तो यद्यपि कुर्वन्ति नैकमुपदेशम् ।
यास्तेषां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि ॥

(પ્રપન્નપારિજાત: ૭.૫)

– સત્પુરુષ ઉપદેશ ન આપતા હોય તો પણ તેમની પાસે જવું. તેમની સ્વૈરકથાઓ જ શાસ્ત્રો બની જાય છે.

गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।

– સત્પુરુષનું મૌન પણ વ્યાખ્યાન હોય છે અને તેનાથી શિષ્યોના સંશયો છેદાઈ જાય છે.

સત્પુરુષથી જ સત્શાસ્ત્રના રહસ્યનું, ભગવત્સ્વરૂપનું, એકાંતિક ધર્મનું જ્ઞાન થાય છે. 'आचार्याद् हि एव विद्या विदिता साधिष्ठं प्रापद्' એવું છાંદોગ્ય ઉપનિષદ(૬.૯.૩)માં વચન છે. સત્પુરુષ દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન જ શ્રેષ્ઠ છે. શ્રીહરિ સત્શાસ્ત્રની સત્પુરુષૈકગમ્યતા સમજાવે છે:

- "અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)
- "અને આ (ભગવત્સ્વરૂપની) વાર્તા તો જેને એ ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે

થકી જ પમાય છે, પણ બીજા થકી તો પમાતી જ નથી.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૪)

- ''અને આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહીં. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦)
- ''એવી રીતે એ બે પ્રકારના (સાંખ્ય અને યોગના રહસ્યના) જે વિચાર છે તે કોઈક અમારા (ભગવાન સ્વામિનારાયણ) જેવા મોટા (સત્પુરુષ) પાસેથી શીખે ત્યારે આવડે, નહીં તો શાસ્ત્રને ભણે-સાંભળે પણ આવડે નહીં.'' (વચનામૃત પંચાળા પ્રકરણ ૨)

આથી શ્રીહરિ સત્શાસ્ત્રશ્રવણમાં વિવેક શીખવે છે.

- ''માટે જે સત્શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું, પણ અસત્પુરુષ થકી સત્શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહીં.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧૧)

સત્પુરુષના સત્સંગના આધ્યાત્મિક લાભ

સત્પુરુષના સત્સંગથી ભગવત્સ્વરૂપનું જ્ઞાન અને નિશ્ચય થાય છે; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે; દોષો દૂર થાય છે; ભાગવતધર્મનું પોષણ થાય છે; મોક્ષ થાય છે.

સત્પુરુષથી જ્ઞાનનો લાભ

- ''જ્ઞાન તો એમ થાય જે, જો બૃહદારણ્ય, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ્ તથા ભગવદ્ગીતા તથા વાસુદેવમાહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઇત્યાદિક ગ્રંથનું સદ્ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઊપજે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૯)
- ''આવું જે માયા થકી પર શુદ્ધ આત્માનું જ્ઞાન તેને હું પામ્યો, તે

સંતને પ્રતાપે પામ્યો છું.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧૦)

- ''જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે, તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.'' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૨)
- ''એવી રીતે સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન, તે જે તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે. ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે તે જીવના જાણ્યામાં કેમ ન આવે? એ તો આવે જ.'' એમ શ્રીજીમહારાજે કહ્યું. (વચનામૃત કારિયાણી પ્રકરણ ૧)
- ''જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧)
- ''દિવસે દિવસે ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)

સત્પુરુષના સંગથી ભગવત્સ્વરૂપનો નિશ્ચય

- ''નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ. અને એવું જે એ તદાત્મકપણું તે ભગવાનના એકાંતિક ભક્તના પ્રસંગે કરીને થાય છે પણ કેવળ સમાધિએ કરીને નથી થતું.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૪)
- ''ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૨)
- ''એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે, ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે.'' (વચનામૃત

ગઢડા પ્રથમ પ્રકરણ ૫૧)

- "તેમ શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય; માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૭)

સત્પુરુષના સંગથી ભક્તિ, વૈરાગ્યાદિક સદ્ગુણોની પ્રાપ્તિ

સત્પુરુષના પ્રસંગથી મુમુક્ષુમાં સત્પુરુષના ગુણ આવે છે. અને જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બને છે. આથી સાધકની કલ્યાણયાત્રામાં સત્પુરુષનો પ્રસંગ અને તેથી સત્પુરુષના ગુણોની પ્રાપ્તિ – બે અત્યંત મહત્ત્વનાં સોપાનો છે. મુમુક્ષુ જીવમાં સત્પુરુષના ગુણોના અવતરણનો સંવાદ સાંભળીએ –

- પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે? એ પ્રશ્ન છે." પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "જેને આ લોકના સુખમાં ઇચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે; અને જે એવો ન હોય તેમાં ન આવે."

  પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ ઉત્તર તો ખરો, પણ આમ

સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭)

સત્પુરુષના સંગથી સ્વધર્માદિ સદ્‌ગુણોની પ્રાપ્તિ અને તેની રીતિ શ્રીહરિ કહે છે –

- ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)
- ''જે ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને એનો સંગ કરે, તો એ સંગના કરનારાને વિષે પણ એ (ભાગવત ૧૧.૧૧.૨૯-૨૩માં કહેલાં સંતનાં) ત્રીસ લક્ષણ આવે છે. એવી રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે, 'સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

સત્પુરુષના પ્રસંગથી ભગવત્પ્રીતિ, ભક્તિ, એકાંતિક ધર્મ, જ્ઞાન ઇત્યાદિ સદ્‌ગુણોનું મુમુક્ષુમાં આગમન થાય છે. ભગવાન સ્વામિનારાયણના શબ્દોમાં સત્પુરુષના સદ્‌ગુણોના આવિર્ભાવની સંહિતા જુઓ –

- ''સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪)

- "શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહવર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫)
- "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪)
- "આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય... માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦)
- "અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮)

સત્પુરુષના પ્રસંગથી પાપની નિવૃત્તિ, મલિન સંસ્કારોનો નાશ, ગુણના વેગનો વિરામ, કામાદિ દોષની વિદાય, વાસનાનો નાશ

સત્પુરુષના પ્રસંગથી અધર્મસર્ગ મુમુક્ષુના હૃદયમાંથી વિદાય લે છે, દુરિત દૂર થાય છે. શ્રીહરિ કહે છે –

- "માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે." (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૪)
- "અને કુસંગે કરીને પ્રવર્ત્યા હોય તે સંતને સંગે કરીને ટળે છે.... અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮)

- "અને વળી પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે.... જે સંતને વિષે કામાદિક શત્રુ ન હોય તથા દેહાભિમાને રહિત હોય, એવા સંતનો સમાગમ રાખે તો યુવાન-અવસ્થારૂપી સમુદ્રને તરી જાય છે." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)
- "ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી, તો (કામાદિકના) ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય." (વચનામૃત લોયા પ્રકરણ ૬)
- "એ જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વકર્મ સંબંધી જે વાસના તે જૂની થતી જાય; પછી એને જન્મ-મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહીં." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૮)
- "જો એને (મુમુક્ષુને) સંત તથા પરમેશ્વરનાં વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય, તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે. માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૯)
- "જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫)

ભક્તચિંતામણિ ગ્રંથનું શ્રીહરિનું વચન સત્સંગ-પ્રાપ્તિ અને પાપ-નિવૃત્તિનું સમપ્રમાણ સરખાવે છે –

જન પ્રત્યે જીવન કહે, જેને જેટલો સત્સંગ;
તેને તેટલાં પાપનો, થાય બાહર ભીતર ભંગ. (ભક્તચિંતામણિ, ૮૪. ૩૮)

મોક્ષદાયી, કલ્યાણકારી સત્પુરુષનો સંગ

કપિલદેવ ભગવાન માતા દેવહૂતિને બિંદુસરોવરના કિનારે અંતિમ અવસ્થામાં મોક્ષનો ઉપાય બતાવે છે. ભાગવતની આ કથાના સંદર્ભમાં વચનામૃતમાં દર્શાવેલ મોક્ષદાયી સત્સંગનો મહિમા શ્રીહરિના શ્રીમુખે:

- ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

  'પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ।
  સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥'

  જેવો એ જીવને પોતાનાં સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪)

પ્રસાદાનંદ સ્વામીના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે –

''જેમ સંત કહે તેમ જ સંશયરહિત થકો કરે, એ જ જીવને મોક્ષનો હેતુ છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

''નિરંતર પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે (સુષુપ્તિરૂપ માયાનો સંબંધ) ટળે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧)

શ્રીહરિએ ખાંભડા ગામની સામાન્ય જનસભામાં અને સારંગપુરની સંતસભામાં એક જ દિવસે બે વખત કલ્યાણકારી સંતસમાગમનો મહિમા કહ્યો –

- ''માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું જ નહીં અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો, તો નિશ્ચય જ એ જીવનું કલ્યાણ થાય, એમાં કાંઈ સંશય નથી... અને જેને આવી સમજણ તો આવી શકે નહીં, ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહીં; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ

રીતે સંતનો સમાગમ તજી શકે નહીં; તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંત-સમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦)

- ''તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

આમ, શ્રીજીમહારાજે સત્પુરુષના સંગથી જીવન્મુક્તિ પર્યંતની સર્વ પ્રાપ્તિ સુલભ કરી છે.

સત્સંગનો મહિમા

વચનામૃતમાં, સાંપ્રદાયિક સાહિત્યમાં અને સુભાષિતોમાં સત્સંગનો સરસ મહિમા કહ્યો છે. પ્રથમ વચનામૃતમાંથી સત્સંગના મહિમાનું આચમન કરીએ –

- ''અને જેને ભગવાન ને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે, ને તે જો મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે; કેમ જે, જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮)
- ''સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે; અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે... અને સૌ કરતાં ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪)
- ''આવા બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રીવાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર

દર્શન ને ચિંતવન તે તો અતિશય દુર્લભ છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૮)

- ''જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૧)
- ''જે ભગવાનના ભક્તને એક તો દઢ વૈરાગ્ય હોય, અને બીજો અતિશય દઢ સ્વધર્મ હોય, અને જેણે એ બે સાધને કરીને સર્વે ઇન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યાં હોય; અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે અતિશય પ્રીતિ હોય; અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે અતિશય મિત્રભાવ વર્તતો હોય; અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહીં; અને જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે પણ કોઈ વિમુખ જીવની સોબત ગમે નહીં; એવાં જે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૮)
- ''ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.... એવું વર્તાય ત્યારે જાણીએ જે, મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દઢ મન કરીને રહેવું.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૭)
- ''માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે, તે જ રૂડાં દેશ-કાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડાં દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧)

આમ, દેશકાળાદિક આઠના સંદર્ભમાં સત્પુરુષના સંગનો પ્રભાવ સર્વથી અધિક છે. સત્પુરુષના સંગથી, આજ્ઞાનું પાલન કરવાથી ભૂંડા દેશકાળાદિક રૂડાં થાય છે.

ભગવાન સ્વામિનારાયણ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને એકાંતિક ધર્મનો ઉપદેશ આપે છે અને એકાંતિક ધર્મની પ્રાપ્તિનો ઉપાય દર્શાવે છે –

'साक्षाद् भगवतः सङ्गात् तद्भक्तानां च वेदृशाम् ।
धर्मो ह्येकान्त एषोऽत्र प्राप्यते नान्यथा क्वचित् ॥'

(सत्सङ्गिजीवनम् : ४.६७.३४)

પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગ થકી અથવા તે ભગવાનના એકાંતિક ભક્તના સંગ થકી પુરુષ એકાંતિક ધર્મ પામે છે, એ વિના બીજે કોઈ પ્રકારે ક્યારે પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી.

સહજાનંદ સ્વામી મહારાજ શિક્ષાપત્રીમાં લખે છે –

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥

– ભગવાનની ભક્તિ અને સત્સંગ જ વ્યક્તિના ગુણવાનપણાનું પરમ ફળ જાણવું. ભક્તિ ને સત્સંગ વિના તો વિદ્વાન પણ અધોગતિને પામે છે. (શ્લોક : ૧૧૪)

આમ, ગુણીજનની ગુણવત્તાનું ફળ સત્સંગ છે, જે ગુણીજને પ્રાપ્ત કરવું જ જોઈએ.

આથી શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરે છે: कार्यः सङ्गोऽन्वहं सताम्। નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. (શ્લોક-૩૬)

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સંતસમાગમનો અપાર મહિમા કહે છે :

'સૂર્ય વિના અંધકાર જાય નહીં, તેમ સમાગમ વિના અજ્ઞાન જાય નહીં... ને કરોડ જન્મ સુધી અંતર્દષ્ટિ કરે ને ન થાય તેટલું એક મહિનામાં થાય એવું આ સમાગમમાં બળ છે.' (સ્વામીની વાતો: ૬/૫૩)

સંત તુલસીદાસ પણ સત્સંગનો મહિમા કહે છે :

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ;
તુલસી સંગત સંતકી, કટે કોટિ અપરાધ.

સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીએ સદ્ગુરુના સત્સંગનો મહિમા કીર્તનમાં

લખ્યો છે –

'સદ્‌ગુરુ સાચારે, સેવો શુદ્ધ ભાવ શું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે, પ્રભુ સંગે પ્રીતડી રે,
ટળી જાય જાત-વર્ણ-અહંકાર રે;
ગુરુ વિના જ્ઞાન રે ન પામે મનમુખી રે,
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે, સદ્‌ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે.'

સંસ્કૃત સુભાષિતોમાં સત્સંગનો મહિમા સરસ રીતે ગવાયો છે. આવો, એ સુભાષિત-રસનો આસ્વાદ માણીએ :

- महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः।
  पद्मपत्रस्थितं वारि धत्ते मुक्ताफलश्रियम् ॥
  મહાપુરુષનો સંસર્ગ કોની ઉન્નતિ કરતો નથી? કમલપત્રમાં રહેલું જલબિંદુ મોતીની શોભાને ધારણ કરે છે.
- करोति निर्मलाधारस्तुच्छस्यापि महार्घताम् ।
  अम्बुनो बिन्दुरल्पोऽपि शुक्तौ मुक्ताफलं भवेत् ॥
  નિર્મલનો (સત્પુરુષનો) આધાર તુચ્છ વસ્તુને પણ મહામૂલ્યવાન બનાવે છે. નાનું જલબિંદુ પણ શુક્તિમાં રહેવાથી મોતી બની જાય છે.
- क्षुद्रोऽपि तनुते तात तेजस्तेजस्विसङ्गतः।
  अर्कसम्पर्कतः पश्य दर्पणे दहनद्युतिम् ॥
  ક્ષુદ્ર (તુચ્છ) પણ તેજસ્વીના સંગથી તેજનો વિસ્તાર કરે છે, પ્રકાશ કરે છે. સૂર્યના સંપર્કથી દર્પણમાં અગ્નિ જેવો પ્રકાશ જોવા મળે છે.
- कीटोऽपि सुमनः सङ्गाद् आरोहति सतां शिरः ।
  अश्मापि याति देवत्वं महद्भिः सुप्रतिष्ठितः ॥
  કીડો પણ ફૂલના સંગે સંતોના શિર પર ચડે છે. પથ્થર પણ મહાપુરુષ દ્વારા પ્રતિષ્ઠાવિધિથી દેવત્વને પામે છે.
- काचः काञ्चनसंसर्गाद् धत्ते मारकतीर्द्युतीः।
  तथा सत्सन्निधानेन मूर्खो याति प्रवीणताम् ॥

કાચ કાંચનના સંસર્ગથી મરકતમણિની શોભાને ધારણ કરે છે. તેમ સત્પુરુષની સંનિધિથી મૂર્ખ પણ પ્રવીણ બને છે.

- साधूनां दर्शनं पुण्यं तीर्थीभूता हि साधवः।
  कालेन फलते तीर्थं, सद्यः साधुसमागमः॥
  અહીં વ્યતિરેક અલંકારથી સત્સંગનો મહિમા કહ્યો છે: સાધુઓનાં દર્શનથી પુણ્ય થાય છે. કારણ કે સાધુઓ જંગમતીર્થ છે પરંતુ તીર્થ તો કાલાંતરે ફળ આપે છે. સાધુ સમાગમ તો તત્કાળ ફળ આપે છે.
- ક્રિયાદીપક અલંકારમાં સંતમહિમા –
  गङ्गा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा।
  पापं तापं च दैन्यं च घ्नन्ति सन्तो महाशयाः॥
  ગંગા પાપનો નાશ કરે છે. ચંદ્ર તાપનો નાશ કરે છે. કલ્પતરુ દૈન્યનો નાશ કરે છે. પરંતુ મહાશય સંતો પાપ, તાપ અને દૈન્ય – ત્રણેયનો નાશ કરે છે.
- સમુચ્ચય અલંકારમાં સત્સંગનો મહિમા –
  कल्पद्रुमः कल्पितमेव सूते, सा कामधुक् कामितमेव दोग्धि।
  चिन्तामणिश्चिन्तितमेव दत्ते, सतां तु सङ्गः सकलं प्रसूते॥
  કલ્પદ્રુમ કલ્પિત વસ્તુ જ આપે. કામદુઘા ઈચ્છિત વસ્તુ જ આપે. ચિંતામણિ ચિંતિત વસ્તુ જ આપે. સત્પુરુષનો સંગ સકલ વસ્તુ આપે.
- जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं मानोन्नतिं दिशति पापमपाकरोति।
  चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिम् सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम्॥
  જે બુદ્ધિની જડતાને હરી લે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, સન્માન અને ઉન્નતિ થાય એવું માર્ગદર્શન કરે છે, પાપને દૂર કરે છે; ચિત્તને પ્રસન્નતાથી ભરી દે છે અને દિશાઓમાં કીર્તિ ફેલાવે છે, તો કહો તો ભલા! સંતની સંગતિ મનુષ્યનું શું શું કલ્યાણ નથી કરતી?
- बृहत्सहायः कार्यान्तं क्षोदीयान् अपि गच्छति।
  सम्भूयाम्भोधिमभ्येति महानद्या नगापगाः॥
  તુચ્છ વ્યક્તિ પણ મોટાની સહાયથી કાર્ય સિદ્ધ કરી શકે છે. નાનાં નાનાં ઝરણાંઓ પણ મહાનદીમાં મળીને સમુદ્રને મળે છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ સુભાષિતનો ભાવાર્થ કહે છે – 'નાના ખાતરાનું (વહેળાનું) પાણી મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનું સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે જો મોટામાં જોડાય તો તે પણ ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે.' (સ્વામીની વાતો : ૨/૧૭૮)

સંસ્કૃત સાહિત્યમાં એક 'સમસ્યાપૂર્તિ' નામનો સાહિત્યપ્રકાર છે. શ્લોકનું એક ચરણ આપવામાં આવે. તદનુરૂપ અન્ય ત્રણ ચરણ રચવાથી સમસ્યાપૂર્તિ થાય. રાજા ભોજની વિદ્વત્‌સભામાં એક પંડિતે એક સમસ્યા રજૂ કરી :

"पिपीलिका चुम्बति चन्द्रबिम्बम्। કીડી ચંદ્રના બિંબને ચુંબન કરે છે. આ કઈ રીતે શક્ય બને ? અને આ ચરણથી શ્લોકની પૂર્તિ કરવાની છે."

આ સમસ્યા સાંભળી સૌ પંડિતો વિચારમગ્ન થઈ ગયા. સૌને નિરુત્તર જોઈને ભોજરાજાએ કાલિદાસ પર મીટ માંડી. કાલિદાસે કહ્યું :

"આ તો સુમન-સંગનું સહજ પરિણામ છે. સમસ્યાપૂર્તિ થઈ ગઈ.

असज्जनः सज्जनसङ्गिसङ्गात् करोति दुःसाध्यमपि सुसाध्यम्।
पुष्पाश्रयाच्छम्भुशिरोऽधिरूढा पिपीलिका चुम्बति चन्द्रबिम्बम्॥

દુર્જન પુરુષ સજ્જનના સંગીનો સંગ કરવાથી પોતાથી અસાધ્ય વસ્તુને સાધ્ય બનાવે છે. કીડી પુષ્પના આશ્રયથી (ફૂલ પર બેસીને) શિવજીના મસ્તકે ચડીને, શિવજીના મસ્તક પર રહેલા ચંદ્રબિંબને ચુંબન કરે છે, અર્થાત્ શિવજીના સંગી એવા પુષ્પના સંગથી કીડી ચંદ્રબિંબને ચુંબન કરી શકે છે."

સત્સંગની રીતિ

વચનામૃતમાં શ્રીહરિએ સત્સંગ કરવાની રીત સુપેરે શીખવી છે. સત્પુરુષનો સંગ મન-કર્મ-વચને કરવો, નિષ્કપટપણે કરવો, શુદ્ધભાવે કરવો વગેરે સમજાવ્યું છે. સત્પુરુષમાં આત્મબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ, દેવબુદ્ધિ વગેરે રાખવા આદેશ આપ્યો છે. ગુણ ગ્રહણ કરવા, અંતર્દષ્ટિ રાખવી, જાણપણું રાખવું – ઇત્યાદિ માર્ગદર્શન આપ્યું છે.

મન-કર્મ-વચને સંગ

શ્રીહરિ સંગની સમજ આપે છે –

- ''જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહીં, ત્યારે તેનો સંગ થયો જાણવો. અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો... જે ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને એનો સંગ કરે, તો એ સંગના કરનારાને વિષે પણ એ ત્રીસ લક્ષણ આવે છે. એવી રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે, 'સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)
- ''વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે,

તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૩)

- ''ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૪)

આમ, શ્રીહરિ મન-કર્મ-વચને સત્પુરુષનો સંગ કરવાનું માર્ગદર્શન આપે છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી મન-કર્મ-વચનના સંગની રીતિ સમજાવે છે.

- ''સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે, 'મન, કર્મ, વચને સંગ કેમ કરવો ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહીં; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.'' (સ્વામીની વાતો: ૩/૬૦)

સત્પુરુષને મન અર્પીને, નિષ્કપટભાવે સત્સંગ કરવો, સત્પુરુષમાં જીવ જડી દેવો, અંતરાય ન રાખવો – આ રીતે મનથી સત્સંગ કરવા શ્રીહરિ વચનામૃતમાં સત્સંગની રીતિ દર્શાવે છે.

- ''જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે... માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો, તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦)
- ''અને અમે (ભગવાન સ્વામિનારાયણે) પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે જે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહીં તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩)
- ''દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન

હોય તેમાં ફેર પડે તો તે મહત વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્-ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮)

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સત્પુરુષમાં જીવ જડવાની વાત સમજાવે છે –

'સમાગમ કરવાની રીતિ કહી જે, ''પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો, પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે.' (સ્વામીની વાતો: ૨/૪૧)

આમ, જીવાત્માનું બ્રહ્મ અને પરબ્રહ્મ સાથે જોડાણ – તેને શ્રીહરિ સત્સંગ કહે છે. લોયા પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજે સંગશુદ્ધિનો સૂક્ષ્મતમ વિવેક દર્શાવ્યો છે, તે મુમુક્ષુએ સદૈવ ધ્યાનમાં રાખવા જેવો છે.

સત્પુરુષમાં હેત, આત્મબુદ્ધિ, સ્વત્વબુદ્ધિ, દેવબુદ્ધિ અને તીર્થબુદ્ધિ

સત્સંગમાં સત્પુરુષ પ્રધાન છે. આથી, સત્પુરુષમાં જોડાવાની વિવિધ રીતો જણાવતાં વચનામૃતમાં શ્રીહરિ કહે છે –

- ''અને જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે એને અતિશય હેત થાય, જેમ ભગવાન સાથે હેત થાય છે, ત્યારે તો તે જુએ, સાંભળે, બોલે ઈત્યાદિક જે જે ક્રિયાને કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત છે તેની મરજી પ્રમાણે જ કરે પણ મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહીં. અને તે સંતની મરજીથી બાહેર વર્ત્યામાં તેના મનને વિષે નિરંતર ભય વર્તે જે, 'જો હું એમની મરજી પ્રમાણે નહીં વર્તું તો એ મારી સાથે હેત નહીં રાખે;' તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે. માટે જો એવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તો પણ એનો ત્યાગ પાર પડે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૯)

● આત્મબુદ્ધિ

સત્પુરુષમાં આત્મબુદ્ધિ, સ્વત્વબુદ્ધિ, દેવબુદ્ધિ અને તીર્થબુદ્ધિ થાય ત્યારે

સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો કહેવાય.

શ્રીહરિ કહે છે :

- "જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે. એ વાર્તા ભાગવતમાં કહી છે જે,

  'યસ્યાત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે સ્વધીઃ કલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ।
  યત્તીર્થબુદ્ધિઃ સલિલે ન કર્હિચિજ્જનેષ્વભિજ્ઞેષુ સ એવ ગોખરઃ॥'

  એ શ્લોકને વિષે એ વાર્તા યથાર્થ કહી છે."

ઉપરોક્ત શ્લોકનો અર્થ – જે પુરુષને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં મમત્વબુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં પૂજનીય દેવતાબુદ્ધિ છે અને જળમાં તીર્થબુદ્ધિ છે, તે પુરુષને જો આત્મબુદ્ધિ વગેરે ચારેય બુદ્ધિ ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તમાં ન હોય તો તેને પશુઓમાં પણ હલકો ગધેડો જાણવો. (ભાગવત: ૧૦/૮૪/૧૩)

સત્પુરુષમાં આત્મબુદ્ધિનું ફળ શાંતિ છે. શ્રીહરિ કહે છે –

- "જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૧)
- "જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૭)

• સ્વત્વબુદ્ધિ

સત્પુરુષમાં સ્વત્વબુદ્ધિ રાખવાની રીત શ્રીહરિ કહે છે –

- "અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે અતિશય મિત્ર-

ભાવ વર્તતો હોય; અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહીં; અને જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે પણ કોઈ વિમુખ જીવની સોબત ગમે નહીં; એવાં જે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૮)

- ''અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં ને એમનો અભાવ આવવા દેવો નહીં. અને ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહનાં સગાંસંબંધીને વહાલાં રાખવાં નહીં. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ, ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૭)

• દેવબુદ્ધિ

સદ્‌ગુરુમાં દેવના જેવી પરાભક્તિ થાય ત્યારે સર્વે અર્થની સિદ્ધિ થાય છે.

યસ્ય દેવે પરાભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥ (શ્વેતાશ્વતરોપનિષદ : ૬/૨૩)

ઉપનિષદનો આ મંત્ર સમજાવતાં શ્રીહરિ કહે છે :

''તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

• તીર્થબુદ્ધિ

શ્રીમદ્‌ભાગવતમાં સંતને તીર્થ કહ્યા છે. યુધિષ્ઠિર વિદુરજીને કહે છે –

'ભવદ્વિધા ભાગવતાસ્તીર્થભૂતાઃ સ્વયં વિભો ।
તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાન્તઃસ્થેન ગદાભૃતા ॥'

(શ્રીમદ્‌ભાગવત : ૧/૧૩/૧૦)

અર્થ : 'હે પ્રભુ ! તમારા જેવા ભગવાનના પ્રિય ભક્તો સ્વયં તીર્થસ્વરૂપ

હોય છે. તમે તો પોતાના હૃદયમાં વિરાજમાન ભગવાન વડે તીર્થોને પણ મહાતીર્થ બનાવતાં રહીને વિચરણ કરતા હો છો.'

આમ, શાસ્ત્રમાં સંતને જંગમ તીર્થ કહ્યા છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં સંતને નૈમિષારણ્ય તીર્થ કહે છે –

- "ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું... એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૭)

શ્રદ્ધા

આધ્યાત્મિક યાત્રાનો પ્રાણ છે, શ્રદ્ધા. કલ્યાણયાત્રામાં શ્રદ્ધાનું માહાત્મ્ય દર્શાવતાં શ્રીહરિ કહે છે –

- "જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે; તેમ જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશય સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયા સત્સંગી થયો હોય તોય પણ લોચોપોચો રહે છે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૬)
- "જેનાં સંત વખાણ કરે છે તેને જ શ્રદ્ધા છે, માટે ધર્મ પાળ્યાને વિષે તેનો વધારો છે ને તેને સંતની સેવા કરવાને વિષે તથા ભગવાનની વાત સાંભળવાને વિષે પણ શ્રદ્ધા છે ને સંતનો વિશ્વાસ છે, માટે એ વધી ગયો. અને જે આવા સમાગમમાં રહ્યો થકો વધ્યો નહીં તે શ્રદ્ધારહિત છે એમ જાણવું." (વચનામૃત લોયા પ્રકરણ ૮)

સત્સંગ કરવાની રૂડી રીતિ જણાવતાં શ્રીહરિ કહે છે –

- "જો એને સંત તથા પરમેશ્વરનાં વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય, તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ

તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે. માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૯)

ખપ

ખપ તો સત્સંગની પ્રાથમિક યોગ્યતા છે. મુમુક્ષુમાં મુમુક્ષા તો હોવી જ જોઈએ. શ્રીહરિ પોતાના દૃષ્ટાંતથી ખપનો મહિમા કહે છે –

- ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત-સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે. અને તે સ્વભાવ તો એવો હોય જે, ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય, તો પણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.'' તે ઉપર પોતાની વાર્તા કરી જે, ''અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો શ્રીરામાનંદ સ્વામીનાં દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૭)
- ''સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેના વચનને વિષે અતિશય વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય; પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી. માટે જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવાં કઠણ વચન કહે તો પણ કોઈ રીતે દુખાવું નહીં ને કહેનારાનો ગુણ જ લેવો, એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તોય પણ તે ટળી જાય છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૭)

શ્રીહરિએ ખપવાળા ભક્તને સ્વભાવ ટાળવાની રીતિ રૂડી રીતે

સમજાવી. ખપવાળા ભક્તને જીવન્મુક્તિની પ્રાપ્તિ થાય છે, તેમ શ્રીહરિ કહે છે –

- "અને જેને આવી (આત્મદૃષ્ટિની) સમજણ તો આવી શકે નહીં, ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહીં; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહીં; તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ (જીવન્મુક્તિની સ્થિતિ) તે સંતને થાય છે તેવી જ જે સંત-સમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦)

ગુણગ્રહણ

ગુણગ્રહણથી ગુણસંપાદન થાય છે, સત્સંગમાં વૃદ્ધિ થાય છે –

- "આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે; અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬)
- "અને સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે... અને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૮)
- "માટે ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો ને પોતાનો તો અવગુણ જ લેવો. એવી રીતે સમજતો હોય ને થોડી બુદ્ધિ હોય તો પણ તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો

જાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૬)

- ''જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દઢ પાયો થાય છે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૫)
- ''મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય. અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.. અને જો મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮)

જીવના કલ્યાણને અર્થે આત્મસત્તારૂપ થઈને સત્સંગ કરવો

શ્રીહરિ સત્સંગનું પ્રયોજન અને સ્થિતિરીતિ કહે છે –

- ''ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં... માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, તો અડગ નિશ્ચય થાય.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦)
- ''માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દઢપણે

કરવો પણ દેહ તથા દેહનાં સંબંધી તે સંગાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહીં.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)

અંતર્દૃષ્ટિ

સત્સંગીએ સિંહાવલોકન કરી, સ્વમૂલ્યાંકન કરી, સ્વસુધાર કરવાની સત્સંગની રીતિનું વચનામૃતોમાંથી આચમન કરીએ :

- ''સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)
- ''જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે; પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહીં તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)
- ''વાસના ટાળવાની એમ વિગતિ છે જે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, 'મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી-વધુ છે?' તેની પરીક્ષા કરવી. ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે, 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ

રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦)

કુસંગનો ત્યાગ કરીને સત્સંગ કરવો

શ્રીજીમહારાજે સત્સંગ કરવાની આજ્ઞા કરી છે, સાથે સાથે કુસંગનો ત્યાગ કરવાની પણ આજ્ઞા કરી છે –

- ''અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮)

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સત્સંગની રીત કીર્તનમાં કહે છે –

સંત સમાગમ કીજે, હો નિશદિન.... ટેક
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે.... હો ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે.... હો ૨
ભવદુ:ખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે.... હો ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે.... હો ૪

સંપૂર્ણ સત્સંગ

વચનામૃત લોયા પ્રકરણ ૧માં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે 'સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ?' તેના ઉત્તરમાં શ્રીહરિ ઘણા બધા મુદ્દાઓને આવરી લેતાં જણાવે છે:

- ''એક તો અતિશય દૃઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણથી અતિશય અસંગી માને; અને એ દેહ-ઇન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તો પણ પંચ વર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહીં. અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તો પણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહીં, સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે. અને પ્રત્યક્ષમૂર્તિ જે ભગવાન તેને આકાશની પેઠે અતિશય અસંગી સમજે, જેમ આકાશ છે તે ચાર ભૂતમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે અને ચાર ભૂતની જે ક્રિયા તે આકાશને વિષે થાય છે તો પણ આકાશને એ પૃથ્વી આદિક ચાર ભૂતના વિકાર અડતા નથી, તેમ પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણ નારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે; અને તે ભગવાનનાં જે અસંખ્યાત ઐશ્વર્ય છે તેને સમજે જે, 'આ ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તો પણ એ અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઇત્યાદિક જે ધામ તે સર્વેના સ્વામી છે અને અનંત કોટિ એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વના સ્વામી છે;' એવો ભગવાનનો મહિમા જાણીને તે ભગવાનને

વિષે શ્રવણાદિક ભક્તિને દૃઢ કરીને રાખે અને તે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે. એવી રીતે જે વર્તે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧)

- ''માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.'' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૯)

નિયમ, નિશ્ચય અને પક્ષથી સત્સંગમાં સંપૂર્ણતા આવે છે. શ્રીહરિ કહે છે :

- ''જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં તે કયાં? તો એક તો પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશય પડે નહીં ને પોતાનું મન સંશય નાંખે તોય પણ સંશય પડે નહીં; એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય. અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ માબાપ દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૧)
- ''જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦)

અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી તે સંપૂર્ણ સત્સંગ

મેવાસામાં છાપરવાડી નદીનાં કાંઠે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને સંપૂર્ણ સત્સંગ સમજાવ્યો હતો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ પ્રસંગ કહે છે –

''મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ભણતા હતા. તેની પાસે જઈને મહારાજ બેઠા. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું જે, 'દેશમાં

સત્સંગ કેવા થયા?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'સત્સંગ તો બહુ થયો છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે સત્સંગી કેવા થયા છો?' ત્યારે કહ્યું જે, 'અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો ને ખરેખરા સત્સંગી થયા હો તો કહો જે, અમે ક્યાં હતા, ને ક્યાંથી આવીએ છીએ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'ના મહારાજ! એવા સત્સંગી તો નથી થયા.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.' પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! એવા સત્સંગી કેમ થવાય?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એવા સત્સંગી તો, તો થવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.''

(સ્વામીની વાતો: ૩/૯)

શ્રીહરિલીલામૃતમાં પણ આ પ્રશ્નોત્તરી પ્રાપ્ત થાય છે:

સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી, અહો સમરથ અંતરજામી;
એવા સત્સંગી કેમ થવાય, કહો જે હોય એનો ઉપાય. ૧૫
સુણી ઉચર્યા અંતરજામી, સાંભળો મુક્તાનંદ સ્વામી;
કરે આગ્રહથી જે અભ્યાસ, પોતે ટાળે માયા તણો પાસ. ૧૬
માને આત્માને અક્ષરરૂપ, મને જાણે અક્ષર તણો ભૂપ;
ધરે અંતરમાં મારું ધ્યાન, થાય સત્સંગી શ્રેષ્ઠ સમાન. ૧૭

(શ્રીહરિલીલામૃત: કળશ-૬, વિશ્રામ-૫)

આમ, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી તે સંપૂર્ણ સત્સંગ છે. અને અક્ષરરૂપ થવા માટે અક્ષરસ્વરૂપ સત્પુરુષનો સત્સંગ કરવો જોઈએ. વર્તમાનકાળે એવા સત્પુરુષ મહંત સ્વામી મહારાજ સાધુ કેશવજીવનદાસજી છે.

સોપાનક્રમથી સંપૂર્ણ સત્સંગ

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સદ્‌ગુરુઓની કથાવાર્તામાં સોપાનક્રમથી ચાર પ્રકારના સત્સંગની વાત પ્રચલિત છે – (૧) ચાર આની સત્સંગ. (૨) આઠ આની સત્સંગ. (૩) બાર આની સત્સંગ. (૪) સોળ આની સત્સંગ.

૧. ચાર આની સત્સંગ

દૈહિક સત્સંગ, સ્થૂળ ક્રિયાકાંડનો સત્સંગ. આ સત્સંગમાં તિલક-ચાંદલા સહિત પૂજા, આરતી, ચેષ્ટાગાન, મંદિર દર્શન, નિર્વ્યસની જીવન, પંચવર્તમાન અને દશાંશ ધર્માદાની ગણના થાય છે.

૨. આઠ આની સત્સંગ : ઈન્દ્રિયોનો સત્સંગ

ગ.પ્ર.૮ અને ગ.મ.૧૬ પ્રમાણે ઈન્દ્રિયોને નિયમમાં રાખવી.

ગ.મ.૫૫ પ્રમાણે ઈન્દ્રિયો દ્વારા ભગવાન સંબંધી જ પંચવિષય ભોગવવા.

ગ.પ્ર.૧૮ પ્રમાણે ઈન્દ્રિયોથી સંતનાં શબ્દ, સ્પર્શ, દર્શન, પ્રસાદી, ગંધ ગ્રહણ કરવાં.

ગ.પ્ર.૮ પ્રમાણે ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

૩. બાર આની સત્સંગ : અંતઃકરણનો સત્સંગ

શ્રીહરિ કહે છે – "ચિત્ત તે ભગવાનનું ચિંતન કરે અને મન તે ભગવાનનો જ ઘાટ ઘડે અને બુદ્ધિ તે ભગવાનના સ્વરૂપનો જ નિશ્ચય કરે અને અહંકાર તે 'હું આત્મા છું ને ભગવાનનો ભક્ત છું,' એવું જ અભિમાન ધરે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫)

ગઢડા મધ્ય પ્રકરણના ૫૨મા વચનામૃતમાં પણ આ જ વાત કરી છે.

૪. સોળ આની સત્સંગ : આત્માનો સત્સંગ, જીવનો સત્સંગ

શ્રીહરિ કહે છે : "માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દૃઢપણે કરવો." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)

ગ.પ્ર.૨૩, ગ.મ.૩૦, ગ.મ.૪૫, અમદાવાદ-૨, અમદાવાદ-૩ આ પાંચ વચનામૃતમાં પણ આત્મારૂપ થઈ પરમાત્માની ભક્તિ કરવાની કહી છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ આ વચનામૃતો ફરી ફરી વંચાવીને આત્મારૂપ, બ્રહ્મરૂપ થવાની વાત કરી છે. (સ્વામીની વાતઃ ૩/૧૩)

શ્રી સહજાનંદ સ્વામી મહારાજે શિક્ષાપત્રીમાં મુખ્ય આજ્ઞા કરી છે –

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥


– ત્રણ દેહ થકી વિલક્ષણ એવા પોતાના જીવાત્માને બ્રહ્મરૂપની ભાવના કરીને, ભગવાનની ભક્તિ સદા કરવી. (શિક્ષાપત્રી: ૧૧૬)

અંતમાં શ્રીહરિના અને સત્પુરુષ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના, નિત્ય પ્રાર્થના.

મોહિમેં તવ ભક્તપનો, તામે કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण
BAPS

Vachanamrutma Satsang USD 0.50
1 5 8 5 9
B G 3 6 0
ISBN: 978-81-7526-942-2